# પ્રકરણ : ૧

# કથાઘટક : સૈધ્ધાંતિક વિચારણા

આ પહેલા પ્રકરણમાં 'કથાઘટક' સંજ્ઞા, વિભાવના અને લક્ષણો વિશે કેટલીક ચર્ચા કરી છે. અહીં પાશ્ચાત્ય સાહિત્ય ઉપરાંત હિંદી અને ગુજરાતી કથાસાહિત્યમાં થયેલી 'કથાઘટક' શબ્દ વિશે વિચારણા તેમજ કથાસંરચનામાં 'કથાઘટક'નું કાર્ય એ વિશે ચર્ચા કરવાનું અભિપ્રેત છે.

વિશ્વના કોઈપણ માનવસમુદાય પાસે પરંપરાગત કથા કે વારતાનો સમૃધ્ધ વારસો હોય છે. આ વારસો એમનું ઘડતર કરે છે અને એમનામાં સંસ્કારોનુ સિંચન કરે છે. સામાન્યપણે એવી માન્યતા પ્રવર્તે છે કે પ્રાગઐતિહાસિકકાળમાં મનુષ્ય પ્રકૃતિના સંપર્કમાં આવ્યો હશે. પ્રકૃતિનાં જુદાં-જુદાં સ્વરૂપો એની સામે આવ્યાં હશે. જેથી એનાં હૃદયમાં કેટલીક લાગણીઓ કે ભાવનાઓ જન્મી હશે?પ્રથમ આ લાગણીને કે ભાવનાને તે ચિત્રો દ્વારા દોરીને કે શિલ્પો દ્વારા કંડારીને વ્યકત કરવા લાગ્યો હશે. પરિણામે આપણને પહેલવહેલી ચિત્રકથાઓ અને શિલ્પકથાઓ પ્રાપ્ત થઇ હશે? આમ ધીમેધીમે કથાઓ મનુષ્યમાં સહજ રીતે વણાતી ગઇ. આથીStith Thompsonનોંધે છે : 'Man everywhere and in

all types of culture have told stories[1].'કથાઓની આ પરંપરા આગવી હોય છે, પોતીકી હોય છે. ભારતીય પ્રજાને ધર્મગાથાઓ, પુરાણકથાઓ, અર્ધઐતિહાસિક કથાઓ અને લોકકથાઓ દ્વારા કથાસાહિત્યનો સમૃદ્ધ વારસો પ્રાપ્ત થયો છે. કથાસાહિત્યનો આ વારસો વિશાળ સમુદ્ર સમો છે એટલે કે એ કથાસરિત્સાગર છે. ભારતીય કથાસાહિત્યની આપણી પૌરાણિક કથાઓ તેમજ રામાયણ અને મહાભારત જેવા ધર્મગ્રંથોએ અનેક કવિઓને પોતાની રચના માટે કથાનકો પૂરાં પાડ્યાં છે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યને ઘડવામાં પૌરાણિક ધર્મગ્રંથો સિવાય જાતકકથાઓ અને બૃહત્કથાએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. મધ્યકાળમાં 'પંચાખ્યાન-બાલાવબોધ', 'વેતાલપચીસી', 'સિંહાસનબત્રીસી', 'પંચદંડ ચરિત્ર' કે 'પંચદંડની વાર્તા', 'શુકબહુત્તરી' કે 'સુડાબહોંતેરી' જેવી અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યને ઘડવામાં આ કથાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

મધ્યકાલીન ગુજરાતી કથનાત્મક સાહિત્યના સ્વરૂપોની પરંપરા પણસુદીર્ઘ છે. જેમાં રાસ, પ્રબંધ, પદ્યવાર્તા, આખ્યાન જેવાં મુખ્ય સ્વરૂપો છે. આ જુદાં-જુદાં સ્વરૂપોમાં કથાનકોનું વિધવિધ આલેખન થયેલું છે. આ કથાઓના બંધારણને ઘડવામાં 'કથાઘટકો'(Motifs) મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કથાઘટક જે તે કૃતિમાં અનિવાર્ય હોય છે. કથાઘટક જે તે કથાને ઘડે છે અને કથાવિકાસમાં ચાવીરૂપ ભાગ ભજવે છે. કથાઘટકો જુદી-જુદી કથાઓનું ચાલકબળ બની રહે છે. જે તે કથાઘટકને માનવસમુદાય વર્ષોપર્યન્ત સ્મૃતિમાં સાચવી રાખે છે. જેમકે 'રામાયણ'માં યુવરાજના દેશવટાનું કથાઘટક પ્રયોજાયું છે. આ 'દેશવટા'નાં 'કથાઘટક'માં કેટલાંક નિમિત્તો મહત્ત્વનાં હોય છે. જેમકે, અપરમાનું આળ, અપમાન કે ઠપકો અથવા તો ગુન્હાની શિક્ષા કે યાત્રાપ્રયોજન વગેરે.

'દેશવટા'નું કથાઘટક મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં જુદી-જુદી રીતે વિસ્તાર પામ્યું છે. જેમકે અસાઈતકૃત 'હંસાઉલી' પદ્યવાર્તામાં હંસરાજને દેશવટો, ભીમકૃત 'સદ્યવત્સવીર પ્રબંધ'માં સદ્યવત્સને દેશવટો, શામળકૃત 'ચંદ્ર - ચંદ્રાવતી વારતા'માં ચંદ્રને દેશવટો વગેરે.

---

૧ ધ ફોકટેલ, સ્ટીથ થોમ્પસન, પૃ.૩૮

મોટાભાગે એમ માનવામાં આવે છે કે લોકકથા કે લોકપ્રચલિતકથા આધારિત પદ્યવાર્તાઓમાં જ કથાઘટકો પ્રયોજાતાં હોય છે પરંતુ એવું નથી. કથાઘટક પદ્યવાર્તા ઉપરાંત રાસ, અર્ધઐતિહાસિક પ્રબંધ કે પૌરાણિક આખ્યાન સ્વરૂપની રચનાઓમાં પણ હોઈ શકે. આમ કથાઘટક કોઈ સ્વરૂપ પૂરતાં મર્યાદિત હોતા નથી. કથાઘટક તો કથામાત્રમાં હોઈ શકે. આનાં સમર્થનમાં હરિવલ્લભ ભાયાણીનું આ નિરીક્ષણ નોંધીએ :

> **"વૈદિક તેમજ જૈનપરંપરાનાં મહાભારત, રામાયણ અને પુરાણોમાંના કૃષ્ણ-રામ,પાંડવો, શલાકાપુરૂષો, સ્થવિરો, અભિમન્યુ,નળ, ઉષા, સુદામા, સુધન્વા, હરિશ્ચંદ્ર, ધ્રુવ, પ્રહ્લાદ વગેરેનાં આખ્યાનો કે ચરિત્રોને પણ કથાપ્રકૃતિ અને કથાઘટક દષ્ટિએ તપાસી શકાય."**[૨]

આથી કહીં શકાય કે કથાઘટકની ઉપસ્થિતિ કોઈ નિશ્ચિત સ્વરૂપ પર આધારિત નથી. પદ્યવાર્તાની જેમ આખ્યાન પણ કથનાત્મક કવિતાનું સ્વરૂપ છે. આથી આખ્યાનની કથાસંરચનામાં પણ જુદાં-જુદાં કથાઘટકોવણાયેલાં હોય છે. જેથી આખ્યાનનાં કથાઘટકોનો અભ્યાસ પણ રસપ્રદ બની શકે એમ છે. કોઈપણ કથનાત્મક સ્વરૂપની કથાઓમાં કથાઘટકની ઉપસ્થિતિ હોય છે. આ સમાન કથાઘટક દ્વારા જુદી-જુદી કથાઓનું નિર્માણ થતું હોય છે. એટલે બાહ્ય રીતે જુદી લાગતી પરંતુ સમાન કથાઘટક ધરાવતી કથાઓની તુલના પણ શક્ય બને છે. એવાં તુલનાત્મક અભ્યાસ દ્વારા સમય-સમયાંતરે કથાઓમાં થતાં રહેતાં પરિવર્તનો તપાસી શકાય. આમ, કથાઘટકનાં અભ્યાસનું સમગ્રક્ષેત્ર સંશોધનની ઘણી શક્યતાઓ ધરાવે એવું છે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આખ્યાનક્ષેત્રે પ્રેમાનંદનું સ્થાન અદ્વિતીય રહ્યું છે. પ્રેમાનંદનાં આખ્યાનો અનેક દ્રષ્ટિએ અગત્યના છે. આ કથાઓનાં મૂળ રામાયણ, મહાભારત અને શ્રીમદ્‌ભાગવતમાં છે. પ્રેમાનંદે પોતાની સર્જક પ્રતિભા વડે આખ્યાનકવિતાને ઊંચું સ્થાન આપ્યું છે. તેમની આખ્યાનકૃતિઓનાં જુદી-જુદી રીતે અનેક અભ્યાસો થયા છે. પરંતુ કથાઘટકની દ્રષ્ટિએ

---

[૨]ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ : ૨ ખંડ : ૨,મધ્યકાલીન કથા પ્રવાહ, પૃ.૧૨૪-૧૨૫

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો સઘન અભ્યાસ હજુ સુધી થયો નથી. આથી પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો કથાઘટક સંદર્ભે અભ્યાસ કરવાનું મને જરૂરી લાગ્યું છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાંથી પસાર થતાં એમાં જુદાં-જુદાં કથાઘટકો પ્રયોજાયાં છે. આ કથાઘટકોઆપણે વેદો ઉપરાંત રામાયણ અને મહાભારતમાં પણ મળી આવે છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ પછી મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આ કથાઘટકોનો ક્રમશઃ વિકાસ થયો છે. ગુજરાતી, બંગાળી, બુદેલખંડી, રાજસ્થાની લોકકથાઓ ઉપરાંત અમેરિકાખંડની, યુરોપખંડની, આફ્રિકાખંડની લોકકથાઓમાં પણ આ પ્રકારનાં અથવા તો આને મળતાં કથાઘટકો પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદની કથાઓનાં કથાઘટકો સાથે આવાં કથાઘટકોને સરખાવી શકાય છે. એથી આ કથાઘટકોકેટલાં લોકપ્રિય રહ્યા હશે, એવું કહીં શકાય. વળી, પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો અને  કથાપ્રસંગોનો અભ્યાસ સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક દ્દષ્ટિએ ઘણો મૂલ્યવાન બની શકે એમ છે. આથી પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રાપ્ત થતાં વિવિધ કથાઘટકોની કાર્ય-સાધકતા અને તેનો સૌંદર્યલક્ષી અભ્યાસ એ મારા સંશોધનનો મૂળ આશય છે.

**કથાઘટક : Motif : સંજ્ઞાચર્ચા**

કથાઘટક સંજ્ઞા ગુજરાતીમાં Motifના પર્યાય તરીકે પ્રયોજાય છે. Motifશબ્દ મૂળ લેટિન ભાષાનો છે. ત્યાંથી એ શબ્દ લો લેટિન અને ઈટાલિયન, ફ્રેન્ચ થઈને અંગ્રેજીમાં ઉતરી આવ્યો. લેટિન ભાષામાં move ના અર્થમાં moverકે motum જેવાં શબ્દો પ્રચલિત છે. આ સંજ્ઞા અંગ્રેજીમાં motive, incentive, fact, underplaying, incentive causeવગેરે અર્થચ્છાયાઓ પ્રગટ કરે છે. ગુજરાતી વિદ્વાનોMotif માટે 'કથાઘટક' ઉપરાંત કથાબીજ, કથાકરામત, કથાયુકિત, ઘટકતત્ત્વ, ઘટકાંશ, પ્રયોજન, વસ્તુવળું, કૌતુકમય પરિસ્થિતિ, ચણિયારું જેવા પર્યાયો વાપરે છે. તો હિન્દીમાંMotifમાટે પ્રેરક, પ્રવર્તક,ચાલક હેતુ, પ્રયોજન નિયામક, નિબંધન, કાર્ય, રહસ્ય, કારણ-નિમિત્ત, અભિપ્રાય, રૂઢિર્યાં, કથારુઢિ વગેરે પર્યાયો મળે છે. ગુજરાતીના વિચારકોએ કથાઘટક માટે જે પર્યાયો પ્રયોજ્યા છે તેની ચર્ચા કરીએ :

ઝવેરચંદ મેઘાણી : **કથાકરામત, જુકિતઓ**[3]

હરિવલ્લભ ભાયાણી : **કથાઘટક, કથાબીજ**[4]

હીરાબહેન પાઠક : **ઘટકાંશ**[5]

પુષ્કર ચંદરવાકર : **આધારબીજ**[6]

સોમાભાઈ પારેખ : **ઘટકતત્ત્વ**[7]

અનંતરાય રાવળ : **વસ્તુવળું, રૂઢ કથાંશ**[8]

ભોગીલાલ સાંડેસરા : **પ્રયોજન**[9]

ગુજરાતી વિવેચકો-વિચારકોએ Motifના સ્વરૂપને ધ્યાનમાં રાખીને તેના જુદા-જુદા પર્યાયો આપ્યા છે. આ બધામાં કથાઘટક શબ્દ વધુ ઉપકારક અને સ્વીકાર્ય બન્યો છે. એટલે આ અભ્યાસ સંશોધન દરમ્યાન મેં કથાઘટક સંજ્ઞા સ્વીકારી છે. હવે Motifસંજ્ઞાને વિવિધ કોશના સંદર્ભે તપાસીએ.

Oxford universal English-Gujarati Dictionary–

Motif (મોટિફ) - કલાત્મક રચનામાં રહેલું પ્રધાનતત્ત્વ : વસ્ત્ર, વાહન ઇ. પર સીવેલી કે ચોઢેલી શોભાત્મક આકૃતિ[10]

---

૩ લોકસાહિત્ય : ધરતીનું ધાવણ,રંગ છે બારોટનો પ્રવેશક - પૃ. ૩૩૦
૪ સિંહાસન બત્રીસી – પૃ. ૪૮
૫ ગુજરાતી સાહિત્યનો અનુબંધ, પૃ.૧૯૯.
૬ લોકવાર્તા(ઉદ્‌ભવ, પ્રકાર અને વિકાસ)પૃ.૭૨
૭ અજ્ઞાત ગુજરાતી ગધકાર – વિરચિત પંચદંડની વાર્તા, પૃ. ૩૧૩
૮ સાહિત્યનિકષ, લેખ.મધ્યકાલીન ગુજરાતી વાર્તા, પૃ.૪૯
૯ પ્રદક્ષિણા – પૃ. ૨૦
૧૦ સં.પી.જી.દેશપાંડે, પૃ.૫૧૯

ENGLIS-GUJARATI DICTIONARY OF Technical Term in Humanaties and social sciencies -

Motif- (૧)કલાકૃતિનું પ્રધાનતત્ત્વલક્ષ, કલાની કોઇપણ વસ્તુ વિષેનો અભિપ્રાય, અંગભૂત લક્ષણ, પ્રધાન વિચાર,

(૨) કપડાં પર અગાઉથી લગાડવામાં આવેલી લેસ અથવા કલા વસ્તુ-આકૃતિ, સુશોભન

(૩) વસ્તુ (સં)

(૪) અભિપ્રાય[૧૧]

A Glossary of Literary Terms -

A Motif is an element – a type of incident, device, or formula – which recurs freequently in literature.[૧૨]

GALA'S MODEL DICTIONARY [ ENGLISH-ENGLISH-GUJARATI ]

Chief idea or design in a work of art;(૧)હરકોઇ કલાકૃતિનો મધ્યવર્તી વિચાર કે પ્રધાન સૂર

---

૧૧ સં.નરહરિ કે.ભટ્ટ,પૃ.૪૩૭
૧૨એમ.એચ.અબ્રાહમ, પૃ.૧૧૧

(૨)face or ornament on dress, કપડાં પરની કિનાર કે ભરતની ભાત[૧૩]

નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ -

કથાનું બીજરૂપ ઘટક, મોટિફ[૧૪]

આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ -

Motif - કથાબીજ, કથાઘટક[૧૫]

મોટોકોશ -

કથાઘટક- કથા કે વાર્તાનું બીજરૂપ ઘટક[૧૬]

અનુઆધુનિક સાહિત્યસંજ્ઞાકોશ- Motif - કથાઘટક[૧૭]

---

૧૩ એલ.આર.ગાલા, પૃ.૨૬૪
૧૪ ડો.મફતલાલ.અં.ભાવસાર, પૃ.૧૪૪
૧૫ સં.ચન્દ્રકાન્ત ટોપીવાળા અને અન્ય, પૃ.૧૬૫
૧૬ સં.રતિલાલ નાયક, પૃ.૧૨૯
૧૭ જયંત ગાડીત, પૃ.૫૧

જુદી-જુદી Dictionaryમાં Motifનાવિવિધ અર્થ જોયા પછી હવે તેની અભ્યાસ પધ્ધતિનો ઉદ્દભવ કેવી રીતે થયો એ વિશે સમજીએ. ૧૮મી, ૧૯મી સદીમાં લોકકથાઓના સઘન અભ્યાસો યુરોપ અને પશ્ચિમમાં થયા છે. એમાંથી 'કથાપ્રકૃતિ'(TALETYPES) અને 'કથાઘટક'(MOTIF)ની અભ્યાસ પદ્ધતિનો આરંભ થયો. Motifની શાસ્ત્રીય અભ્યાસ પદ્ધતિ એન્ટી આર્નેના શિષ્ય સ્ટીથ થોમ્પસને આપી. એન્ટી આર્નેએ 'The types of the folktales'માં પહેલીવાર કથાઘટકોના વર્ગીકરણની પધ્ધતિ આપી. આર્નેના શિષ્ય સ્ટીથ થોમ્પસને આ વર્ગીકરણ શાસ્ત્રીય દૃષ્ટિએ યોગ્ય લાગ્યું નહીં. સ્ટીથ થોમ્પસને આ કથાઘટકોનું વર્ગીકરણ વિશેષ વૈજ્ઞાનિક પધ્ધતિથી કર્યુ. થોમ્પસને કથાઘટકોને 'Motif Index Of Falk Literature' માં A થી Zવિભાગોમાં જુદા-જુદા ગુણધર્મો દ્વારા વર્ગીકૃત કર્યા, જેમકે પ્રાણીને લગતાં કથાઘટકો. આ દરેક Motifને Motif indexપ્રમાણે ક્રમ પણ આપ્યો. સ્ટીથ થોમ્પસને Motif ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : 'Motif is the smallest element in a story having a power in tradition. In order to have this power is must have some thing unusual and striking about it.[૧૮]'

અર્થાત્ 'કથાઘટક કથાનું નાનામાં નાનું અંગ કે તત્ત્વ છે. એમાં પરંપરામાં ટકી રહેવાનું સામર્થ્ય પ્રગટાવે એવો, અસાધારણ ચમત્કારનો અંશ હોય છે.'

Motifની ઉપરોકત વ્યાખ્યા આપ્યા પછી સ્ટીથ થોમ્પસન તેને જુદા-જુદા ત્રણ વિભાગમાં વહેંચે છે. પહેલા વિભાગમાં 'પાત્રગત' કથાઘટકનો સમાવેશ થાય છે. આ પાત્રો કથામાં મહત્ત્વની ભૂમિકા ભજવતાં હોય છે. આ પાત્રોમાં મનુષ્ય ઉપરાંત હંસ, સર્પ, ગરુડ જેવાં સજીવોનો પણ સમાવેશ થાય છે. બીજા વિભાગમાં થોમ્પસન 'પદાર્થગત' કથાઘટકોનો સમાવેશ કરે છે. પદાર્થગત કથાઘટકમાં ઊડતી શેતરંજી, પવનપાવડી, સદાય છાંયડો આપતો બગીચો જેવાં પદાર્થોનો સમાવેશ થાય છે. ત્રીજા વર્ગના કથાઘટકમાં 'અસાધારણ એવી ઘટનાઓ'નો સમાવેશ કરે છે. આ ઘટનાઓ વાર્તાના વિકાસમાં મદદરૂપ થતી ઘટનાઓ છે. જેમકે ગુરુ-શિષ્યનો પ્રણય, રાજકુમારીનો પુરુષદ્વેષ, પ્રિયજનના મેળાપની યુક્તિઓ વગેરે.

---

૧૮ ધ ફોકટેલ, સ્ટીથ થોમ્પસન, પૃ.૪૧૫-૪૧૬

ઈ.સ. ૧૯૨૮ માં રશિયન વિદ્વાન વ્લાદીમ્હીર પ્રોપ 'Morphology of Falktale' નામનો ગ્રંથ આપે છે. આ પુસ્તકમાં પ્રોપે જુદી-જુદી લોકકથાઓનો અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં રૂપઘટનાત્મક ભાષાવિજ્ઞાનનો દ્દષ્ટિકોણ મુખ્ય છે. પ્રોપના મત મુજબ કથામાં પાત્ર, પદાર્થ અને ઘટના હોવા માત્રથી જ મોટિફનું કાર્ય સિદ્ધ થતુ નથી. પરંતુ એ દ્વારા કોઇ ક્રિયા સધાય તો જ મોટિફનું કાર્ય સિદ્ધ થયું કહેવાય. અહીં પ્રોપ મોટિફને Functionસાથે સાંકળી તેનાં પ્રયોજનને રેખાંકિત કરી આપે છે.

આ રીતે, પશ્ચિમના સાહિત્યમાં, લોકકથાનાં પ્રકારનિષ્ઠ અને વસ્તુનિષ્ઠ એમ જુદાં-જુદાં અભ્યાસો સમયાન્તરે થતાં રહ્યા છે. લોકકથાનાંકથાઘટકોનું વર્ગીકરણ, તેની તારવણી અને પૃથક્કરણની શાસ્ત્રીય પધ્ધતિ સ્ટીથ થોમ્પસન પાસેથી મળી છે. જ્યારે પ્રોપ રૂપઘટનાત્મકશાસ્ત્રની પધ્ધતિથી મોટિફને સમજાવવાનો પ્રયત્ન કરે છે. આમ, મોટિફના અભ્યાસનો પ્રારંભ પશ્ચિમના દેશોમાં થયો. એ પછી જુદા-જુદા દેશના ભાષા સાહિત્યમાં એ ક્રમે-ક્રમે વિકસતો રહયો છે. પરિણામે ભિન્ન-ભિન્ન દેશની લોકકથાઓ અને કથાઘટકોના સામ્યમૂલક અભ્યાસો ઊંડાણપૂર્વક થતાં રહ્યા.

હિન્દી સાહિત્યના વિદ્વાનોMotifના પર્યાયરૂપે રુઢિર્યાં, પ્રયોજન, કથાનકરુઢિ સ્વીકારે છે. તેમાં ડૉ.સત્યેન્દ્ર, હજારીપ્રસાદ દ્વિવેદી, વાસુદેવશરણ અગ્રવાલ, ડૉ.શમ્ભૂનાથ પાણ્ડે, શ્રી ચંદ્ર જૈન, ડૉ. પુનીત મક્કડ જેવા વિદ્વાનોએ Motif વિશે પાયાની અને મૂળગામી ચર્ચા કરી છે.

હિન્દી સાહિત્યમાં Motifના ક્ષેત્રે મહત્ત્વનું અને નોંધપાત્ર નામ ડૉ.સત્યેન્દ્રનું છે. તેમણે Motif બાબતે બે વિભાગમાં કામ કર્યું છે. એક, Motifની વિભાવના આપવાનું અને બીજું, Motifનાં પૃથ્થકરણાત્મક અભ્યાસનું. 'વ્રજલોક કા સાહિત્યિક અધ્યયન'માં તેમણે પરકાયાપ્રવેશ, રૂપ-પરિવર્તન, સંકેતઅમલ, ભવિષ્યમાં આવનાર ઘાત, આકાશ ઉડ્ડયનનાં સાધનો, મનપસંદ ભોજન આપતી કઢાઇ જેવા જુદાં-જુદાં કથાઘટકોનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે. તો 'લોકસાહિત્ય વિજ્ઞાન'માં લોકકથાઓ, લોકકથાના અભિપ્રાયો(કથાઘટકો) અને લોકગીતોનો વિવેચનાત્મક અભ્યાસ કર્યો છે.

શ્રી હજારી પ્રસાદ દ્વિવેદીએ[૧૯]Motifનો વૈજ્ઞાનિક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. તેમણે રાસકૃતિઓ અંતર્ગત આવતાં કથાઘટક જેવાકે પ્રેમમાં પડવાની યુકિતઓ- સ્વપ્નદર્શન, ચિત્રદર્શન, ગુણશ્રવણ, ઋષિનો શાપ, રૂપપરિવર્તન, લિંગપરિવર્તન, પરકાયાપ્રવેશ, આકાશવાણી, અભિજ્ઞાન, દૂતકાર્ય, દોહદ વગેરેનો વિગતે પૃથ્થકરણાત્મક અભ્યાસ રજૂ કર્યો છે.

ડૉ. શમ્ભૂનાથ પાંડે[૨૦]Motif માટે 'કથાનક રૂઢિર્યાં' પર્યાય પ્રયોજે છે. તેમણે 'આદિકાલ સાહિત્ય'માંથી પ્રાપ્ત થતાં કથાઘટકશ્રોતા-વકતાના રૂપમાં પક્ષીયુગલની સંયોજના, દૈવીશક્તિ, ઋષિમુનિનું વરદાન, પ્રેમસંબંધિત કથાઘટકો, બુન્દેલી કથાઓનાં કથાઘટકો, વઘેલીખંડી કથાઓનાં કથાઘટકો, વ્રજ લોકકથાઓનાં કથાઘટકોની વિગતે તારવણી કરી છે.

ડૉ. પુનીત મક્કડ[૨૧]Motifના પર્યાયરૂપે 'રૂઢિર્યાં' અને 'અભિપ્રાય' શબ્દ આપે છે. લોકકથામાં કથાઘટકોનો શો હેતુ હોય છે એ સમજાવતા તેઓ જણાવે છે કે, 'કથાઘટક કથાને રૂપ કે આકાર આપે છે, કથાને સુરુચિપૂર્ણ બનાવે છે, મનોગત ભાવોને પ્રકાશમાં લાવે છે, વ્યવહારજ્ઞાનમાં કુશળ બનાવે છે, અન્ય લોકકથાઓના નિર્માણમાં યોગદાન આપે છે'. કથાઘટકની આવી સૈધ્ધાંતિક વિચારણા સાથે તેમણે મથુરા જનપદની લોકકથાઓમાંથી પ્રાપ્ત થતાં કથાઘટકોનો અભ્યાસ કર્યો છે. જેમાં પશુ-પક્ષી અને જીવજંતુ સંબંધિત, દેવી-દેવતા સંબંધિત, સંખ્યા(જેમકે- એકાદશી, નાગપાંચમી, અક્ષયત્રીજ) સંબંધિત તથા વસ્તુ સંબંધિત, શુકન-સ્વપ્ન તથા શાપ સંબંધિત અને પ્રકૃતિ સંબંધિત કથાઘટકો વિશે વિગતે વિચારણા દર્શાવી છે.

ગુજરાતી સાહિત્યમાં Motif વિશે ઝવેરચંદ મેઘાણી, ભોગીલાલ સાંડેસરા, સોમાભાઇ પારેખ, અનંતરાય રાવળ, હરિવલ્લભ ભાયાણી, ભારતીબહેન વૈધ, હીરાબહેન પાઠક, પુષ્કર ચંદરવાકર, સરૂપ ધ્રુવ, કનુભાઇ જાની, પ્રવીણ અ.શાહ, જયંત ગાડીત, હસુ યાજ્ઞિક, પિનાકીની પંડયા, રાજેશ પંડયા, રાજેશ મકવાણા, પ્રાંજલી પટેલ જેવા વિદ્વાનોએ સૈધ્ધાંતિક તેમજ વર્ગીકરણ અને તારવણીમૂલક

---

૧૯ હિન્દી સાહિત્ય કા આદિકાલ, પૃ.૮૦-૮૧
૨૦ આદિકાલ હિન્દી – સાહિત્ય, પૃ.૨૪૨
૨૧ વ્રજ કી લોકકહાનિયોં કા વિવેચનાત્મક અધ્યયન, પૃ.૧૫૬

અભ્યાસ કર્યો છે. અહીં ગુજરાતી સાહિત્યમાં થયેલ  Motifની વિભાવના, તેનું સ્વરૂપ અને તેનાં વિશે થયેલા જુદા-જુદા અભ્યાસોની સંક્ષેપમાં નોંધ લઈએ.

**ગુજરાતી સાહિત્યમાં થયેલ Motifની વિભાવના :**

**ઝવેરચંદ મેઘાણી :**"અંગ્રેજી – વિવેચન – ભાષામાં જેને મોટીફ કહે છે, તે મોટીફના જૂજવા બધા પ્રકારો આ જ સંઘરાઇ રહેલી કંઠસ્થ લોકકથાઓમાં ક્રીડા કરી રહ્યા છે. આ મોટીફ એટલે કે વાર્તાનો વેગ ધરાવતી ને એની ચમત્કૃતિ જચાવતી કરામતો, જુકિતઓ."[૨૨]

**સોમાભાઈ પારેખ :**"કથાઘટક એ પરંપરામાં ચિરંજીવ રહેવાની શકિત ધરાવતો, વાર્તાનો નાનામાં નાનો અંશ છે. આવી શકિત ધરાવવાં તેનામાં કંઇક અસામાન્ય અને ચમત્કારપૂર્ણ તત્ત્વ હોવું જોઈએ."[૨૩]

**હીરાબહેન પાઠક :**"કૃતિગત કોઇ મહત્ત્વનો કહેતા વિશિષ્ટ અંશ અને તેથી દેશકાલ બાધિત એવો પરંપરાથી પુનરાવૃત્ત થતો અંશ, તેને ઘટકાંશ કહી શકાય."[૨૪]

**સરૂપ ધ્રુવ :**"રસનિષ્પત્તિ માટે મહત્ત્વપૂર્ણ, વિશિષ્ટ પરંપરાથી પુનરુક્ત થતો, કયારેક એક જ કૃતિમાં પ્રતીકાત્મક રીતે આવર્તન પામતો, મુખ્ય કથાવસ્તુને આકારતો, કથાને વળાંક આપતો, અસાધારણ પાત્રપ્રસંગ કે પ્રસંગો, પરિસ્થિતિ કે પરિસ્થિતિઓ અને પદાર્થ કે પ્રસંગરૂપે યોજાતો તેમજ જો તે અમુક પ્રજાના લોકજીવનનો સંદર્ભ ધરાવતો જીવનપ્રણાલિકાના પૃથક્કરણાત્મક અભ્યાસ માટે ઉપયોગી મનાતો લઘુતમ કથાઘટક તે મોટિફ."[૨૫]

---

૨૨ લોકસાહિત્ય : ધરતીનું ધાવણ, રંગ છે બારોટનો પ્રવેશક - પૃ. ૩૩૦

૨૩ અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર – વિરચિત પંચદંડની વાર્તા, પૃ. ૩૧૮

૨૪ કૃતિસંરચનામાં ત્રણ ઘટકોનો આંતરસંબંધ , ગુજરાતી વિવેચનનો અનુબંધ, ગ્રંથ : ૨, પૃ. ૧૯૯

૨૫ મોટિફનોઅભ્યાસ અને કેટલીક પસંદ કરેલી ગુજરાતી લોકકથાઓમાં તેની તપાસ, પૃ.૧૩૩

**પુષ્કર ચંદરવાકર :**“લોકશાસ્ત્રમાં સમાવેશ પામતું કોઈને કોઇ તત્ત્વ લોકકથાના અંતઃતત્ત્વને સ્થાને જડી આવે તે લોકકથાનું આધારબીજ –Motif.”[૨૬]

**કનુભાઇ જાની :**“પુનરાવર્તન પામતો રહેલો અને પરંપરામાં જીવતો રહેલો, રૂઢ છતાં લવચિક, સરળ છતાં આકર્ષક, અસામાન્ય છતાં સર્વસ્વીકૃત, સ્વતંત્ર છતાં અન્ય એકમો સાથે જોડાણક્ષમ એવો એકમ તે મોટિફ.”[૨૭]

**જયંત ગાડીત :**“કથાઘટક એ વિષયવસ્તુને મૂર્ત કરનાર કથાનું એક નાનું એકમ છે. કોઇ પરિસ્થિતિ, પ્રસંગ, વિચાર કે વર્ગ પાત્રને જુદી-જુદી કૃતિઓમાં એકની એક રીતે મૂર્ત કરવાનું વલણ કથાના એ એકમને કથાઘટક બનાવે છે.”[૨૮]

**પ્રિયકાન્ત પરીખ :**“મોટિફનો સીધો સંબંધ સામાજિક-સાંસ્કૃતિક જીવનદર્શન કરતાં, કથા-પ્રસંગો સાથે અધિક છે.”[૨૯]

**પિનાકિની પંડયા :**“તેનો સંબંધ કલાના કેન્દ્રવર્તી વસ્તુ કે વિચાર સાથે છે.”[૩૦]

**ડૉ.રાજેશ મકવાણા :**“મોટિફ લોકકથાનું સ્થાયી તત્ત્વ છે. મોટિફ એ કથાનું એવું એકમ છે કે જેનું જુદા-જુદા સંદર્ભમાં પુનરાવર્તન થતું રહે છે. મોટિફ એક હોય પરંતુ કથા અલગ અલગ બને છે. મોટિફ એવી ઈંટ છે કે જેથી જુદા-જુદા આકારો ચણી શકાય છે.”[૩૧]

**ડૉ.પ્રાજંલિ પટેલ :**“કથાઘટક એટલે જે મૂળમાંથી લોકકથા સર્જાઇ છે તે બીજાંકુર.”[૩૨]

**હસુ યાજ્ઞિક :**“કોઈપણ નાની, મધ્યમ કદની કે મોટી પરંપરાગત કથાનું કથાનક કેટલાંક નાના નાના અંશો, અંગો કે ઘટકોના પારસ્પરિક કાર્યાકારણાત્મક સંયોજન દ્વારા બનેલું હોય છે. કથાનકનું પૃથક્કરણ

---

૨૬ લોકવાર્તા (ઉદ્ભવ , પ્રકાર અને વિકાસ), પૃ.૭૨
૨૭ લોકવાઙ્મય, પૃ.૧૫૮
૨૮ અનુઆધુનિક સાહિત્યસંજ્ઞાકોશ, પૃ.૫૧
૨૯ ઓગણીસમી સદીનું સંપાદિત ગ્રંથસ્થ ગુજરાતી લોકસાહિત્ય, પૃ.૩૨
૩૦ મોટિફ : મધ્યકાલીન કથાસાહિત્ય સંદર્ભે, પૃ.૧૦
૩૧ લોકવાઙ્મય : સ્વરૂપ સંદર્ભ, પૃ.૭૧
૩૨ લોકવાર્તા સ્વરૂપ વિમર્શ, પૃ. ૪૭

કરીને એના આવા સ્વતંત્ર નાનામાં નાના એકમોને તારવવામાં આવે છે. કથાનકના આવા નાના સ્વતંત્ર એકમને કથાઘટક કહેવામાં આવે છે. "[૩૩]

Motifનો અભ્યાસ ઝવેરચંદ મેઘાણીથી આજ પર્યન્ત થતો આવ્યો છે. આ વિચારકોએ પોતાની રીતે કથાઘટકની વિભાવના બાંધવાનો પ્રયત્ન કર્યા છે. બધાં જ વિચારકો-સંશોધકો પાસેથી Motifની વિભાવના અને સમજુતી સંપૂર્ણપણે પ્રાપ્ત થતી નથી. તેમાં કથાઘટકનાં એકાદ બે લક્ષણોની ઝાંખી થતી હોય છે. ઝવેરચંદ મેઘાણીનો અભ્યાસ બહુધા સૌરાષ્ટ્રની લોકકથાઓના કથાઘટકો પૂરતો મર્યાદિત છે. તેમણે 'કરામતો, જુક્તિઓ' એ પર્યાય Motifમાટે પ્રયોજ્યો છે.આ પર્યાયમાં Motifના બંધારણના બધાં જ લક્ષણો પ્રાપ્ત થતાં નથી. અહીં તેમને કથાઘટક વિશેનો અછડતો ઉલ્લેખ કર્યો છે. છતાં ગુજરાતી કથાસાહિત્યમાં તેઓ પહેલીવાર Motifની સંજ્ઞા લઈને આવે છે એ દ્રષ્ટિએ તેનું ઐતિહાસિક મૂલ્ય છે. તેમણે Motifના અભ્યાસની નવી દિશા ખોલી આપવાનું કાર્ય કર્યું છે. સોમાભાઇ પારેખે Motifસંજ્ઞા માટે ગુજરાતીમાં'ઘટકતત્ત્વ'શબ્દ પ્રયોજ્યો છે. તેમણે Motifનીવિભાવનાને વધુ સ્પષ્ટ કરી આપી છે. Motifમાં ચમત્કારનું તત્ત્વ હોય એ બરાબર છે, પરંતુ એમાં પરંપરામાં ચિરંજીવ રહેવાની શક્તિ હોવી જોઇએ. પરંપરામાં ચિરંજીવ રહેવાની શક્તિ જ એને કથાઘટક બનાવે છે. તેઓ Motifના આ અસામાન્ય તત્ત્વને પણ પ્રગટ કરે છે. સોમાભાઈ પારેખની વિભાવનામાં મુખ્ય બે બાબતો ધ્યાનમાં આવે છે : એક બાબત એ છે કે કથાઘટક એ વાર્તાનો નાનામાં નાનો અંશ છે. બીજી બાબત એ છે કે કથાઘટકમાં ચમત્કારનું તત્ત્વ હોવું જોઇએ. જેમકે જાદુઇ દંડ. પરંતુ તેઓ કહે છે કે કથાઘટકમાં અસામાન્ય તત્ત્વ હોવું જોઇએ તો એ અસામાન્ય તત્ત્વ કયું ? એની ચોક્કસ વિગતો અભ્યાસમાં પ્રાપ્ત થતી નથી. હીરાબહેન પાઠકે જે વિભાવના આપી છે તે લોકસાહિત્ય કે મધ્યકાલીન કથાસાહિત્ય પૂરતી મર્યાદિત નથી. તેમણે કથાનાં વિશિષ્ટ અંશ પર ભાર મૂક્યો છે, વળી, આ અંશ પરંપરાથી પુનરાવૃત થતો હોવો જોઇએ. આ વિભાવના કથાઘટકનાં કેટલાંક લક્ષણોને પ્રત્યક્ષ કરી આપે છે. આ વિભાવનામાં મુખ્ય ત્રણ બાબતો રહેલી છે; વિશિષ્ટ અંશ, પરંપરામાં પુનરાવૃત અને દેશકાલબાધિત અંશ. આ ત્રણેય બાબતો કથાઘટકનાં ત્રણ લક્ષણો બની જાય છે. સરૂપ ધ્રુવે આપેલી Motifની વિભાવના સ્પષ્ટ અને વિલક્ષણ છે. તેમનો કથાઘટકનો સમગ્ર અભ્યાસ લક્ષણદર્શી અને

૩૩ ગુજરાતી સાહિત્ય કોશ - ૩, પૃ. ૭૫

ગુણદર્શી રહ્યો છે. સરૂપ ધ્રુવે જે બાબતોનો અભ્યાસ કર્યો છે એમાં મુખ્ય બાબતો આ પ્રકારની છે, કથાઘટક કથામાં રસનિષ્પત્તિ માટેનું મહત્ત્વનું એકમ છે, તેઓ કથાઘટકમાં રહેલી પ્રતીકાત્મક બાબતનો સ્વીકાર કરી, કથાઘટક કથાવસ્તુને આકાર આપે છે, કથાને વળાંક આપે છે એવું સ્પષ્ટ અને વિશિષ્ટ નિરીક્ષણ આપણી સમક્ષ મૂકી આપે છે. પુષ્કર ચંદરવાકર લોકશાસ્ત્રને ધ્યાનમાં રાખીને Motifની વિભાવના આપે છે. તેઓ કથાઘટકનાં અંતઃ તત્ત્વનો સ્વીકાર કરે છે. કથાનું અંતઃ તત્ત્વ એટલે બીજું કંઇ નહિ પરંતુ લોકકથાનું આધારબીજ. પુષ્કર ચંદરવાકર Motifનાં પર્યાય શબ્દરૂપે 'આધારબીજ' શબ્દ વાપરે છે. 'આધારબીજ'એટલે જેનાં વડે કથા ઊગી નીકળે તે બીજ. કનુભાઇ જાની કથાઘટકના લવચિકપણાનો અને તેના આકર્ષક ગુણનો સ્વીકાર કરે છે. તેમની વિભાવના એ દ્દષ્ટિએ મહત્ત્વની છે કે કથાઘટકનું કાર્ય સ્વતંત્ર હોવા છતાં તે બીજા કથાઘટકો સાથે જોડાયેલ છે; એકબીજા સાથે અનુસંધાન ધરાવે છે. જયંત ગાડીત માત્ર કથાના વિષયવસ્તુને મૂર્ત કરનાર તત્ત્વનો સ્વીકાર કરે છે. પ્રિયકાન્ત પરીખ જે વિભાવના આપે છે તેમાં તેઓ કથાઘટકનાં સંબંધ વિશે વાત કરે છે. તેઓ કથાઘટકનો સંબંધ કથાપ્રસંગો સાથે અધિક છે એમ કહે છે. તેમની વાત સ્વીકારી શકાય એમ છે કારણકે કથાપ્રસંગોની ખિલવણી તેમાં આલેખાયેલાં કથાઘટકો વડે થતી હોય છે. એ દ્દષ્ટિએ કથાઘટકનો સંબંધ કથાપ્રસંગો સાથે અધિક હોય છે એવું કહી શકાય. પિનાકિની પંડ્યા Motif ની ચર્ચા કલાને કેન્દ્રમાં રાખીને કરે છે. તેઓ કથાઘટકનો સંબંધ કલાના કેન્દ્રવર્તી વસ્તુ કે વિચાર સાથે  કરે છે. એ જ રીતે સાહિત્યકૃતિના કેન્દ્રવર્તી વસ્તુ કે વિચારને આપણે કથાઘટક સાથેના સીધા સંબંધ વિશે વિચારી શકાય. પ્રાંજલિ પટેલ લોકકથાનાં બીજાંકુરનો જ સ્વીકાર કરે છે. હસુ યાજ્ઞિકે કથાઘટક અંગે સૈધ્ધાંતિક વિભાવના આપી છે. તેઓ કથામાં રહેલાં નાનામાં નાના સ્વતંત્ર એકમોનું આલેખન કરે છે અને કથાનાં પારસ્પરિક અંગોના કાર્યકારાણાત્મક ગુણનો સ્વીકાર કરે છે. તેમના મત મુજબ કથાનું પૃથક્કરણ કરી, તેમાં પ્રયોજાયેલાં કથાઘટકો તારવી શકાય. એ રીતે તેઓ કથામાં કથાઘટકોને તારવવાની શાસ્ત્રીય પધ્ધતિ આપે છે. એ દ્દષ્ટિએ આ વિભાવના કથાઘટકના અભ્યાસીઓ માટે મૂલ્યવાન બને છે.

ગુજરાતી સાહિત્યમાં વિદ્વાનોએMotif વિશેની વિભાવનાજુદી જુદી રીતે આપવાનો પ્રયત્ન કર્યો છે. એ ધ્યાનમાં રાખીને નીચે મુજબ Motifનાં લક્ષણો તારવી શકાય. દરેક કથાનકમાં Motifનાં

બધાં જ લક્ષણો સંભવી શકે નહીં એ સ્પષ્ટ છે. કોઈપણ કથાનકમાં કથાઘટકનાં એક કરતાં વધુ લક્ષણોની સંભાવના હોય છે.

**Motif ની સ્વરૂપગત લાક્ષણિકતાઓ :**

- કથાઘટક કથાનું લઘુતમ એકમ છે.
- જેમ અક્ષર એ શબ્દનો, શબ્દએ વાક્યનો બંધારણીય એકમ છે એમ કથાઘટકએ કથાનો બંધારણીય એકમ છે.
- કથાઘટકએ કથાનો સ્વતંત્ર એકમ છે.
- કથાઘટક કથાનું ચાલકબળ અને પ્રેરકબળ છે.
- કથાઘટક કથાના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- કથાઘટક પરંપરામાં જીવંત રહેવાની શક્તિ ધરાવતો પદાર્થ છે.
- કથાઘટક કથામાં ચમત્કૃતિ લાવનારું તત્ત્વ છે.
- કથાઘટકમાં અસાધારણ તત્ત્વ હોય છે.
- કથાઘટક દેશકાલબાધિત હોય છે.
- કથાઘટક પરંપરામાંથી પુનરાવૃત્ત થતો અંશ છે.
- કથાઘટક કથામાં કાર્ય-કારણથી જોડાયેલો વિશિષ્ટ પદાર્થ છે.
- કથાઘટક મનુષ્યની આંતરચેતનાને પ્રગટ કરનારું તત્ત્વ છે.
- કથાઘટકને માનવસમુદાય વર્ષોપર્યન્ત સ્મૃતિમાં સાચવી રાખે છે.
- કથાઘટક કથામાં રહેલું બીજરૂપ તત્ત્વ છે. જેના વડે કથાનું કલેવર ઘડાતું હોય છે.
- કથાઘટક વિના કથાની કલ્પના કે સંભાવના થઈ શકે નહિ.
- દરેક કથામાં એક કરતાં વધુ કથાઘટક હોઈ શકે.

- કથાઘટક દ્વારા કથામાં આવી પડેલી ગૂંચ કે સમસ્યાનું નિરાકરણ થતું હોય છે.
- સમગ્ર કથાની સૃષ્ટિ જુદાં-જુદાં કથાઘટકો વડે આકાર પામતી હોય છે.
- કથાઘટક કથાના વિષયને નહીં, કથાને મૂર્ત કરનારું ઘટક છે.
- કથામાં કોઈ પદાર્થ, પ્રાણી કે મનુષ્ય, પ્રસંગ કે ઘટના કથાઘટક બની શકે છે.
- કથાઘટક કાલ્પનિક તેમજ વાસ્તવિક પણ હોઈ શકે.

મોટિફની વિભાવના પછી ગુજરાતી કથાસાહિત્યમાં પાયાનું કાર્ય છે મોટિફનાં થયેલાં વિવિધ અભ્યાસો. આ સઘળા અભ્યાસો મધ્યકાલીન કથાસાહિત્ય અને લોકકથાસાહિત્ય સંદર્ભે થયા છે. આ વિધવિધ ગુજરાતી વિચારકોએ કથાઘટકોની તારવણી અને એમાં અભ્યાસ કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. ગુજરાતીમાં થયેલાં કથાઘટકોના આવા સઘન અભ્યાસને ક્રમશઃ જોઈએ :

ઝવેરચંદ મેઘાણીએ 'રંગ છે બારોટ'ની પ્રસ્તાવનામાંMotifનો અભ્યાસ પ્રસ્તુત કર્યા છે. મેઘાણી લોકકથાઓના સંદર્ભે એ કથાઘટકોને તારવે છે. તેમણે તારવેલાં 'કથાઘટકો' આ પ્રમાણે છે :

- **ગુપ્ત વાતને ન કહેવી**
- **ફલાણો પસ્તાયો હતો, તુંયે પસ્તાઈશ**
- **સાંકેતિક ભાષા અથવા નિશાનીઓ**
- **ન બાપાનું મહેણું**
- **ત્યાં ન જજે**
- **મુદતની માંગણી**

હીરા પાઠકે 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'માં પ્રયોજાયેલાં કથાઘટકોનો પૃથક્કરણાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. હીરા પાઠકે 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'ના કથાઘટકોની તુલના શામળની અન્ય વાર્તાઓ

'પદ્માવતી', 'ભદ્રાભામિની', 'મદનમોહના'નાં કથાઘટકોની સાથે કરી છે. તેમણે 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા' માં પ્રયોજાયેલાં જે જે 'કથાઘટકો'ની ચર્ચા કરી છે તે નીચે પ્રમાણે છેઃ

- **નાયકનું દેશાટન**
- **સમસ્યા**
- **ગાંધર્વ લગ્ન અને ગુપ્ત મિલન**
- **નાયક-નાયિકાને સહાય કરનારાં પાત્રો**
- **નાયકનો સ્ત્રીવેશ**
- **પતિ સાથે ગુપ્ત સંબંધે ગર્ભ ને સ્ત્રીને વેઠવી પડતી વિટંબણા**

ભારતી વૈદ્યે પોતાના શોધનિબંધ 'મધ્યકાલીન રાસ-સાહિત્ય'માં કથાઘટક વિશે ચર્ચા કરી નથી. પરંતુ, મધ્યકાલીન રાસ- સાહિત્યમાં પ્રાપ્ત થતાં જુદાં-જુદાં કથાઘટકોની તારવણી કરી છે. તેમણે રાસકૃતિ અંતર્ગત તારવેલાં કથાઘટકો નીચે પ્રમાણે છે :

- **તિરસ્કૃત પુત્રનો ત્યાગ**
- **રાક્ષસનો ઘાત**
- **બાળકનો ત્યાગ**
- **ભવિષ્યવાણી ખોટી પાડવાના પ્રયાસ**
- **યુવાન પુત્રો વિષે ઓરમાન માતાની ભંભેરણી**
- **માથા પર ફરતો બગીચો વગેરે**

સોમાભાઈ પારેખે અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા'માં પ્રયોજાયેલાં વિવિધ 'કથાઘટકો'ની જે વિગતે ચર્ચા કરી છે. તે નીચે પ્રમાણે છે :

- **જાદુઇ દંડ**
- **જાદૂઈ અન્તરાયો**

- **લિંગપરિવર્તન – જાતિપરિવર્તન**
- **પરકાયા પ્રવેશ**
- **પ્રચ્છન્ન શ્રવણ**
- **બોલતાં પક્ષીઓ**
- **આકાશમાં ઉડ્ડયન**

સોમાભાઇ પારેખ 'જાદુઇ અન્તરાયો'અને 'લિંગ પરિવર્તન' આ બે કથાઘટક આદિકાળથી પ્રચલિત થયેલાં એમ માને છે. વળી તે કહે છે કે આ કથાઘટકો કોઇ એક પ્રદેશનાં નહીં પરંતુ સર્વ પ્રદેશનાં હશે. જ્યારે બાકીનાંકથાઘટકોની ઉત્પત્તિ ભારતીય ઉત્પત્તિ હોય એવું તેમનું માનવું છે. સોમાભાઇ પારેખે આ કથાઘટકોનો સમીક્ષાત્મક અભ્યાસ પણ રજૂ કર્યો છે.

અનંતરાય રાવળે 'મધ્યકાલીન ગુજરાતી વાર્તા'અંતર્ગત વિવિધ કથાઘટકોની તારવણી કરી આપી છે જેમકે :

- **પૂર્વજન્મસ્મૃતિ**
- **મૃતસંજીવન**
- **પરકાયાપ્રવેશ**
- **આકાશોડ્ડયન**
- **પાતાલગમન**
- **અદર્શનવિદ્યા**

હરિવલ્લભ ભાયાણીનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સંશોધનના ક્ષેત્રે ખૂબ નોંધપાત્ર પ્રદાન છે. તેમણે મધ્યકાલીન સાહિત્ય સંશોધનનાં ઘણાં મહત્ત્વનાં ગ્રંથો આપ્યા છે. જેમકે 'મધ્યકાલીન કથાકોશ' ભાગ- ૧,૨, 'શોધ અને સ્વાધ્યાય', 'અનુસંધાન', 'લોકકથાઓનાં મૂળ અને કુળ'. આ જુદાં-જુદાં પુસ્તકોમાં તેમણે મધ્યકાલીન કથાઓ અને લોકકથાઓના સંદર્ભે'કથાઘટકો'ની તારવણી,

પૃથક્કરણ અને સઘન સમીક્ષાત્મક અભ્યાસ કર્યો છે. જેમાં 'લોકકથાઓનાં મૂળ અને કુળ'માં મધ્યકાલીન કથાસાહિત્યમાં પ્રાપ્ત થતાં કથાઘટકોનો વિશદ અને સર્વગ્રાહી અભ્યાસ રજૂ કર્યો છે. આ કથાઘટકો  નીચે પ્રમાણે છે :

- **જાદૂઇ પક્ષી**
- **ચમત્કારિક વીંટી**
- **કપટી રૂપધારી**
- **ચિત્રસુંદરી, શિલ્પસુંદરી**
- **વિદ્યાભ્યાસ કરતા પ્રણય સંબંધ**
- **સ્વપ્નસુંદરી**
- **બળાત્કારનું આળ**
- **વ્યભિચારિણીનું આળ**
- **યુવરાજને દેશવટો**
- **ડાકણનું આળ**
- **વરબદલો**

પ્રવીણ અ. શાહે 'કામાવતીની કથાનો વિકાસ' અને કવિ શિવદાસકૃત 'કામાવતીની વાર્તા'માં કામાવતીની કથાનાં ઘટકોને લગતી પ્રાપ્ય કથાકૃતિઓની ચર્ચા કરી છે. તેની સાથે સાથે, કામાવતીની કથાનાં ઘટકોની તુલના મલયાલમ નાટક 'સદારામ' સાથે પણ કરી છે. પ્રીવણ અ.શાહે કામાવતીની કથાનાં ઘટકોનો વિકાસ કેવો ક્રમિક થાય છે તેની મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી છે. તેમણે કામાવતીની કથામાં પ્રયોજાયેલાં કથાઘટકો નીચે પ્રમાણે દર્શાવ્યા છે :

- **પુરુષદ્વેષિણી નાયિકા**
- **સ્ત્રીનો પુરુષવેશ દૂર કરવાની યુક્તિ**
- **મનવાંછિત ઈચ્છાધરી દેહત્યાગ- કાશીનું કરવત**
- **પુરુષવેશી નાયિકા**
- **પુરુષવેશે પતિ માટે કન્યાઓ પરણતી નાયિકા**
- **સંકેતના અમલમાંભૂલ**
- **અપુત્રવંતરાજા નવા આગન્તુકને રાજ્ય આપે, પુત્રી પરણાવે**
- **ચિત્રપટ કે પ્રતિમા દ્વારા મેળાપની યુક્તિ**
- **જન્માંતર સુધી વિસ્તરેલો પતિ-પત્નીનો સંબંધ**
- **શુકન-અપશુકન**
- **મોહાસક્તને ભોળવી કાર્ય સાધી લેતી નાયિકા**

પ્રાચીન-મધ્યકાલીનકથાઓ, લોકકથાઓ અને કથાઘટકોના સંશોધન-અભ્યાસમાં હસુ યાજ્ઞિકનું પણ નોંધપાત્ર પ્રદાન છે. તેમણે ‘મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય’, ‘મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ એક અભ્યાસ’,‘લોકવિદ્યાવિજ્ઞાન’, ‘લોકસાહિત્યવિજ્ઞાન’, ‘લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર’, ‘લોકસાહિત્ય સંશોધનપધ્ધતિ’ જેવાં સંશોધનાત્મક અભ્યાસો તેમજ શામળકૃત ‘રૂપાવતી’, ‘નંદબત્રીસી’, માધવકૃત ‘રૂપસુંદર-કથા’વગેરેનાં કથાઘટકોની પણ વિશદ ચર્ચા કરી છે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં તેમણે ‘રૂપસુન્દર-કથા’ અંતર્ગત જે કેટલાંક કથાઘટકોની ચર્ચા કરી છે તે નીચે પ્રમાણે છે :

- **એકાંત મળતાં પ્રેમમાં પડતાં રાજકુમારી અને ગુરુપુત્ર**
- **પ્રિયતમના મિલન માટે સખીની સહાય અને યુક્તિ**
- **રાજાજ્ઞાભંગે સજા**
- **છૂપા સંબધનું પ્રગટ થવું**
- **જામીનની બલિદાન વૃત્તિ**

'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ એક અભ્યાસ'માં હસુ યાજ્ઞિકે અસાઈત નાયકકૃત 'હંસાઉલિ', ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા-પ્રબંધ', વીરસિંહકૃત 'ઉષાહરણ', અજ્ઞાત કવિકૃત 'સદેવંતસાવલિંગાની વારતા', જ્ઞાનાચાર્યકૃત 'બિલ્હણ પંચશિકા', માધવકૃત 'રૂપસંદર કથા', શામળકૃત 'રૂપાવતી', કુશળલાભકૃત 'ઢોલા-મારુની ચોપાઈ', મધુસુદન વ્યાસકૃત 'હંસાવતી-વિક્રમ ચરિત્ર વિવાહ', શિવદાસકૃત 'કામાવતી', શામળકૃત 'ભદ્રા-ભામિની' જેવાં મધ્યકાલીન પ્રેમકથાનકોનાં 'કથાઘટકો'નો અભ્યાસ કર્યો છે. તેમણે પ્રેમકથાઓનાં કથાઘટકોની તારવણી અને મૂલવણી એમ બન્ને દિશાની અભ્યાસ પ્રવૃત્તિ કરી છે. જેમાંથી શામળકૃત'વિદ્યાવિલાસીની' પદ્યવાર્તાનાં કથાઘટકો જોઈએ :

- **પિતાએ કરેલી પુત્રોના ચાતુર્યની કસોટી**
- **લગ્ન વખતે થતો પાત્રબદલો**
- **કષ્ટે કૃપા**
- **બુદ્ધિશાળી રાજકુમારીનું મુર્ખ સાથે લગ્ન**
- **બદ્ધિચાતુર્ય જાણતાં ધૃણાપાત્ર પતિ પ્રત્યે પત્નીનો અનુરાગ**
- **સૌંદર્ય – દર્શન – મિલનની યુકિત – ભોજન નિમંત્રણ**
- **પગનું ઝાંઝર – વિયુક્તિ ઘટક**
- **નાયકનું પોપટમાં પરિવર્તન**

'લોકસાહિત્ય સંશોધન પદ્ધતિ', 'લોકકથાવિજ્ઞાન', અને 'લોકસાહિત્ય-વિજ્ઞાન' જેવાં પુસ્તકોમાં હસુ યાજ્ઞિકે Motifની સૈધ્ધાંતિક ચર્ચા કરી છે. તેમણે પશ્ચિમમાંથયેલા Motif વિશેની વિચારણા પણ કરી છે. આ પુસ્તકોમાં સ્ટીથ થૉમ્પસને આપેલી Motifની વ્યાખ્યા અને કથાનાં વિષયોનું વર્ગીકરણ કર્યુ છે. આમ, Motifના કાર્યક્ષેત્રમાં હસુ યાજ્ઞિકનું પ્રદાન ઘણું મહત્ત્વનુ છે.

ડૉ.રાજેશ પંડયાએ 'મહાભારતની લોકપરંપરાનાં કથાનકો'માં મૂળ મહાભારતનાં કથાનકો, મધ્યકાલીન કંઠપરંપરા, મધ્યકાલીન ગુજરાતી અને લોકપરંપરાનાં મહાભારતમાં આ કથાનકો કેવી જુદી-જુદી રીતે આલેખન પામ્યાં છે તેનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓએ આ કથાનકોમાં કથાઘટકોને કેવી રીતે પ્રયોજ્યા છે,તેની રચનારીતિ તેમજ કથાઘટકની તારવણી, મૂલવણી અને સમાંતરતાનો પણ અભ્યાસ કર્યો છે. 'મહાભારતની લોકપંરપરાનાં કથાનકો'માં અભ્યાસનું કેન્દ્ર મહાભારતની કથાપરંપરા હોવાથી કથાઘટકની સૈધ્ધાંતિક ચર્ચા નથી કરી, પરંતુ મધ્યકાલીન લોકપરંપરામાં પ્રયોજાયેલાં કથાનકોમાં'કથાઘટક'ની તારવણી કરી છે. ડૉ.રાજેશ પંડયાએ 'મહાભારતની લોકપરંપરાનાં કથાનકો'માં નીચે પ્રમાણેનાં કથાઘટકોનો અભ્યાસ કર્યો છે :

- **અવળી તાલીમ પામેલો ઘોડો**
- **જુવાન કાયાની પ્રાપ્તિ**
- **દ્રષ્ટિક્ષેપથી ગર્ભધાન**
- **પક્ષીની વાણીથી લાભ**
- **પાછું વળીને જોવાની મનાઇ**
- **પિતા- પુત્રનું અભિજ્ઞાન**
- **બત્રીસ લક્ષણાનો ભોગ**
- **બળાત્કારનું આળ**
- **ભૂમિનો પ્રભાવ**
- **માનવ માદા ને માનવેતર નરની કામક્રીડા**

- **રોજ એક વ્યક્તિનો ભોગ**
- **શિકાર વખતે ઘોડો માર્ગ ભૂલે**

ડૉ.પિનાકિની પંડ્યાએ 'મોટિફ: મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંદર્ભે' તથા 'મોટિફ: આઈરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે' એ બે ગ્રંથ પ્રસ્તુત કર્યા છે. તેમણે 'મોટિફ: મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંદર્ભે'માં મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં પ્રયોજાયેલાં જુદાં-જુદાં કથાઘટકોને વિગતે ચર્ચા કરી છે. તેમણે સમગ્ર અભ્યાસ વિવરણાત્મક અને તુલનાત્મક પધ્ધતિથી કર્યો છે. તેમણે નીચે પ્રમાણેનાં કથાઘટકોની વિશદલક્ષી ચર્ચા કરી છે :

- **મોટિફ: રૂપપરિવર્તન**
- **મોટિફ: ચમત્કારિક પદાર્થ**
- **મોટિફ: ચમત્કારી વિદ્યા**
- **મોટિફ: કસોટી**
- **મોટિફ: સ્ત્રી – પુરુષના પ્રણય, લગ્ન અને જાતીય જીવન સંદર્ભે**
- **મોટિફ: મૃત્યુ સંબંધી**
- **મોટિફ: અદ્ભુત વ્યક્તિ, ઘટના અને સ્થળવિશેષ**

આ ઉપરાંત ડૉ.પિનાકિની પંડ્યાએ 'મોટિફ: આઈરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે'માં આઈરિશ અને ભારતીય લોકકથાઓની તુલના વિગતે કરી છે. એ સિવાય લોકકથાઓના કથાઘટકોની તારવણી અને મૂલ્યાંકન કર્યું છે.

ડૉ.કૌશી મ.ચાવડાએ 'મધ્યકાલીન નંદબત્રીસી પરંપરા અને શામળ' શોધનિબંધમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નંદબત્રીસીનાં જુદાં-જુદાં કથાનકોનું સંક્ષેપમાં આલેખન કર્યું છે. તેમણે 'નંદબત્રીસી'ની આઠ કૃતિઓ અને શામળની 'નંદબત્રીસી'નો સઘન અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. તેમણે

'નંદબત્રીસી' માં પ્રયોજાયેલાં કથાઘટકોને બે વિભાગમાં વહેંચ્યા છે. (અ) વાસ્તવિક અને અનુભવજન્ય કથાઘટકો(Motifs based on reality and experience) તથા (આ) કલ્પનાજન્ય કથાઘટકો (Motifs based on Imagination). તેમણે 'નંદબત્રીસી'માં પ્રયોજાયેલાં કથાઘટકો નીચે પ્રમાણે દર્શાવ્યા છે :

(અ) વાસ્તવિક અને અનુભવજન્ય કથાઘટકો :

- **સમસ્યા – સંજ્ઞાભાષા**
- **શીલરક્ષા**
- **અસતીનું આળ**
- **વિશ્વાસઘાતી પ્રધાન**
- **છૂપો સાક્ષી**

(બ) કલ્પનાજન્ય કથાઘટકો :

- **સ્વામીભક્ત, ચતુર પોપટ**
- **સતનાં પારખાં**
- **પ્રભુની ભક્તને સહાય**
- **મૃતસંજીવન**

ડૉ. કૌશી મ.ચાવડાને આ કથાઘટકોમાં વાસ્તવિક અને અનુભવજન્ય કરતાં કલ્પનાજન્ય કથાઘટકો અસામાન્ય અને ચમત્કારપૂર્ણ તત્ત્વ હોવાને કારણે સ્વાભાવિક રીતે આકર્ષક લાગ્યા છે.

ગુજરાતી સાહિત્યમાં ઝવેરચંદ મેઘાણીથી આરંભાયેલી Motifની ચર્ચા-વિચારણા સમાયંતરે વિવિધ પ્રયોજનાર્થે થતી રહી છે. ગુજરાતી સંશોધકોએ Motif ની વિભાવના અને સ્વરૂપ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. આપણે ત્યાં મુખ્યતઃ મધ્યકાલીન સંદર્ભે અને લોકકથાઓના સંદર્ભે જ કાર્ય થયું છે

તોક્યાંક આધુનિક કવિતાના કથાઘટકોનું સંશોધન 'પરંપરાગત કથાઘટકનો આધુનિક વિનિયોગ'[૩૪] દ્વારા થયેલું પણ જોવા મળે છે.

**કથામાં કથાઘટકની કાર્યસાધકતા :**

કોઈપણ કથામાં કથાઘટકનું કાર્ય (FUNCTION) શું હોય છે ? એ તપાસતા પહેલાં 'કાર્ય' સંજ્ઞા સમજવી ખૂબ જ જરૂરી છે. 'કાર્ય'શબ્દનો પર્યાય 'ક્રિયા'છે.'ક્રિયા'સંજ્ઞા નાટક સાથે જોડાયેલી છે. નાટકમાં એ અભિનય-action સાથે જોડાયેલ છે. એમ કથામાં જે કંઇ બનતું હોય છે એ કથાઘટકના કાર્ય વડે થતું હોય છે. કથાસંરચનાનાં વિકાસમાં કથાઘટકમહત્ત્વની ભૂમિકા ભજવે છે. કથામાં કથાઘટકકેવી કાર્યસાધક ભૂમિકા ભજવે છે તેની સમજ વિવિધ કથાઘટકો દ્વારા મેળવવાનો પ્રયાસ કરીએ.

- **નજરકેદ :**

'નજરકેદ'માં નાયિકાને ભોયરું, એક દંડિયો મહેલ જેવાં સ્થળોએ એકાંતમાં રાખવામાં આવે છે. નાયિકાનો એકાંત મોટેભાગે તેનાં પિતા કે ભાઇ પ્રેરિત હોય છે. આ નજરકેદના ચોક્કસ નિમિત્તો કે હેતુ હોય છે. જેમકે તારી દીકરી તારાં મૃત્યુનું કારણ બનશે અથવા તો તારી બહેન તારાં મૃત્યુનું કારણ બનશે અને બીજું મહત્ત્વનું નિમિત્ત છે તેની શીલરક્ષા. અહીં પિતા કે ભાઇ પોતાનાં મૃત્યુને ટાળવાં કે શીલની રક્ષાઅર્થે દીકરી કે બહેનને નજરકેદમાં રાખે છે. આ નજરકેદમાં પુરુષનો પ્રવેશ નિષેધ છે. વળી, નાયિકાની સેવા ચાકરી માટે કેવળ સ્ત્રીઓ જ રાખવામાં આવી હોય છે. આ કથાઘટકની સૌથી મોટી ખાસિયત એ છે કે પુરુષ નિષેધ હોવાં છતાં નાયિકાનો કોઇપણ પ્રકારે પુરુષ સંગ થાય છે. આ

---

૩૪નિમિત્ત, રાજેશ પંડ્યા, પ્રકા. પોતે, ફેબ્રઆરી, ૨૦૦૪.

કથાઘટક આપણી પૌરાણિક કથાઓ, મધ્યકાલીન કથાઓ અને લોકકથાઓમાં જુદી-જુદી રીતે વિસ્તાર પામ્યું છે.

આ કથાઘટક કૃષ્ણકથામાં પણ પ્રયોજાયું છે. સુરસેનના દીકરા વસુદેવના લગ્ન દેવકી સાથે થાય છે. પોતાની નવપરિણીત પત્ની સાથે રથમાં બેસીને ઘર જઇ રહ્યા હતા. ત્યારે ઉગ્રસેનનો દીકરો કંસ પોતાની બહેન દેવકીને પ્રસન્ન રાખવા વસુદેવના રથનો સારથિ બને છે. તેઓ રથમાં બેસીને જઇ રહ્યા હતાં, ત્યારે કંસને ઉદ્દેશીને આકાશવાણી સંભળાય છે : 'કંસ તું કેવો મૂર્ખ છે ! તું તારી બહેન બનેવીનો રથ હાંકી રહ્યો છે પણ તને ખબર નથી કે આ બહેનનું આઠમું બાળક તારી હત્યા કરશે.'એ આકાશવાણી સાંભળી કંસ દેવકી અને વસુદેવને કેદખાનામાં નજરકેદ કરે છે. આ કથાનકમાં નાયિકાને પોતાના પતિ સાથે કેદખાનામાં રાખવામાં આવે છે. અહીં નાયિકાના નજરકેદનું મુખ્ય નિમિત્ત છે ભાઈનું મૃત્યુ. આ કથાનકમાં તેનો કારાવાસ ભાઇ પ્રેરિત છે. કંસ પોતાને મૃત્યુમાથી ઉગારવા માટે દેવકીને કેદખાનામાં પૂરે છે. અહીં નાયિકાના કારાવાસનો ચોક્કસ હેતુ મૃત્યુની આપત્તિમાંથી રક્ષણ મેળવવાનો છે. કંસ દેવકીનાં તમામ સંતાનોનો વધ કરે છે. તેમ છતાં આઠમું સંતાન દૈવયોગે બચી જાય છે. જે કંસના મૃત્યુનું નિમિત્ત બને છે. આમ, કથાના વિકાસમાં 'નજરકેદનું' કથાઘટક ઉપકારક બને છે.

'કથાસરિત્સાગર' [૩૫] ના 'રત્નપ્રભાલંબક' ના તરંગ બીજામાં રત્નપ્રભાની કથામાં રાજા રત્નાધિપતિ રાજદત્તા નામની કન્યા સાથે લગ્ન કરે છે. રાજા રાણી સદાય શીલવાન રહે એ માટે તેને પુરુષોથી દૂર એક દ્વીપમાં લઇ જાય છે. ત્યાં નોકર ચાકર પણ સ્ત્રીઓને રાખે છે. એ દ્વીપમાં કોઇ પણ જઇ શકે એમ ન હતુ. રાજા એવું વિચારતો તેને પુરુષના દર્શન થશે નહિ તો તે કેવી રીતે બગડશે ? દિવસે રાજા નગર સંભાળતો ને રાત્રે દ્વીપમાં પહોંચી જતો. એકવાર એક યુવાન વેપાર માટે વિદેશ જતો હોય છે. અકસ્માતે વહાણ તૂટી જતાં લાકડાના પાટિયાના સહારે તે યુવાન રાજદત્તા જ્યાં હોય છે એ દ્વીપમાં પહોંચી જાય છે. યુવાનને જોઇને  રાજદત્તા મદીરાનાં અને મદનના મદમાં બહેકી જાય છે. તે

૩૫ કથાસરિત્સાગર, રત્નપ્રભાલંબક, પૃ.૩૦૩-૩૦૪

યુવાનને છત્રપલંગ પર બેસાડીને તેને આલિંગન આપે છે. આ કથામાં નાયિકા આ રીતે પુરુષસંગ ભોગવે છે. આથી આવી નારી માટે કહેવાયું છે.[૩૬]

જયવંતસૂરિકૃત 'શૃંગારમંજરી'[૩૭] માં પાતાલસુંદરીનાં કથાનકમા પણ'નજરકેદ'નું કથાઘટક આલેખાયું છે. અહીં 'નજરકેદ'નો મુખ્ય હેતુ તેનાં શીલ રક્ષાનો છે. વિશાલ નગરીનો રાજા જયવંતસેન સ્ત્રીઓના શિથિલ ચારિત્ર્યનો જાણકાર હતો. જેથી રાજાએ પરપુરુષના સંપર્કમાં ન હોય એવી કન્યા સાથે વિવાહ કરવાનું નક્કી કર્યુ. જેથી રાજા જયવંતસેન એક દિવસ તરત જન્મેલી સ્વરૂપવાન કન્યા સાથે વિવાહ કરે છે. રાજા પોતાનાં મહેલમાં ભોયરું બનાવીને તેનો એકાંતવાસમાં ઉછેર કરવાં લાગ્યો. કન્યા યુવાનીમાં આવતાં અત્યંત સ્વરૂપવાન બને છે. રાજા તેને અનહદ સ્નેહ કરવા લાગે છે. એકવાર આ નગરીમાં વેપારકરવા આવલો વેપારી અનંગદેવ નામની ગણિકાના સંપર્કમાં આવે છે. ગણિકા મારફતે અનંગદેવને રાજાની સ્વરૂપવાન રાણી પાતાલસુંદરીની વાત જાણવા મળે છે. આથી અનંગદેવ પાતાલસુંદરીને મેળવવાનું વિચારે છે. અનંગદેવ પાતાલસુંદરીના એકાંતવાસ સુધી સુરંગ ખોદાવે છે. સુરંગ વાટે તે ભોંયરામાં આવીને પાતાલસુંદરી પાસે પ્રેમયાચના કરે છે. એકાંતવાસમાં રહેતી પાતાલસુંદરી વેપારી અનંગદેવને જોતા જ તેને વશ થઇ જાય છે ને તેની સાથે ભોગ ભોગવવાં લાગે છે. કથામાં નાયિકા એકાંતવાસ દરમિયાન કોઇપણ પુરુષનાં સંપર્કમાં નથી. તેની આસપાસ કોઇ પુરુષની છાયાનો પણ સ્પર્શ નથી. વળી તેનાં ચારિત્ર્યની રક્ષાઅર્થે રાજાએ તેને એકાંત ભોંયરામાં નજરકેદમાં રાખે છે. એ છતાં પાતાલસુંદરી વેપારીના સંપર્કમાં આવે છે, અને તેની સાથે ભાગી છૂટે છે.

'યુરોપખંડની લોકકથાઓ'[૩૮]માં 'બાર કુંવરીઓનો ભેદ' નામની લોકકથામાં પોર્ટુગલદેશના રાજાને એક નહિ પરંતુ બાર રાજકુંવરીઓ હતી. આ બાર બહેનોનો એક વિશાળ શયનખંડ હતો. બારેય રાજકુમારીઓના પલંગ એક સાથે ઢળાતાં. તેઓ સૂઇ જતી, ત્યારે રાજા તેમના શયનખંડનો દરવાજો

---

૩૬ નારી જાતિ દુખદ મદિરા પાન જયારે કરે છે,
એકાંતે તે પુરુષ મળતાં છૂટ છેડે ફરે છે.
પંચાગ્નિમાં અધિક વસતી હોય જો નારી જાત,
ત્યારે તેના શીયળ તૃણની કેવી થાયે બિસાત.
વળી,
કામાતુર જે કામિની, હોય જગતમાં ખાસ;
તેમાં નિજ પર પતિતણ, વિચાર પામે નાશ. (કથાસરિત્સાગર, તરંગ ૨જો, રત્નપ્રભા લંબક, પૃ.૩૦૪)

૩૭ શૃંગારમંજરી, સં.હસુ યાજ્ઞિક, પૃ.૭૦

૩૮ યુરોપખંડની લોકકથાઓ, પૃ.૧૦૪

બંધ કરી દેતો અને વહેલી સવારે આવીને ખોલી દેતો. રાજાનો આ નિત્યક્રમ થઇ ચૂકયો હતો. રાજા દરવાજે તાળું મારી દેતો એ છતાં કુંવરીઓના નવાનકોર બૂટની એડીઓ ઘસાયેલી માલૂમ પડતી. જેથી રાજાને કુંવરીઓનાં ચારિત્ર્યઅંગે શંકા જતી. આ બાજુ રાજા કુંવરીઓ દરવાજો બંધ કરીને જતો ત્યારે કુંવરીઓ તૈયાર થતી, સૌથી મોટી રાજકુમારી આગળ આવીને પોતાના પલંગ નીચે કંઇક દબાવતી જેથી ભોંયરાનું બારણું ખૂલતું. બધી રાજકુમારીઓ એક પછી એક નીચે ઉતરતી ને જંગલમાં નીકળતી. જળાશય કિનારે આવીતી. ત્યાં બાર રાજકુમાર તેમને અલગ-અલગ નાવમાં બેસાડવા તૈયાર હોય. રાજકુમારો તેમન પોતપોતાનાં મહેલમાં લઇ જતાં ને નૃત્ય અને પ્રેમાલાપ કરતાં. નાયિકાની શંકાસ્પદ રાત્રિચર્યાનો ભેદ ઉકેલવા માટે રાજા ઢંઢેરો પિટાવે છે. જે કોઇ દીકરીઓની શંકાસ્પદ રાત્રિચર્યાનો ભેદ ઉકેલશે તેનાં લગ્ન મનપસંદ રાજકુમારી સાથે કરવામાં આવશે. અહીં નાયિકાઓને 'એકાંતવાસ'માં રાખી હોવા છતાં તેમને પુરુષોનો સંગ થાય છે.

આમ, 'નજરકેદ'નું કથાઘટકકથાના વિકાસમાં મદદરૂપ થતું ઘટકતત્ત્વ છે. આ કથાઘટકનો અભ્યાસ કરતાં એ બાબત ધ્યાને આવે છે કે સ્ત્રીના શીલની રક્ષા કરવાં જુદા-જુદા પ્રયત્નો કરવામાં આવ્યા છે જેમકે તેને એકાંત ભોંયરામાં, એકાંત દ્વીપમાં, એકાંત મહેલમાં રાખવામાં આવી હોય એ છતાં તેમને પુરુષસંગ થયા વિના રહેવાનો નથી. નાયિકાનો પુરુષસંગ થયાની જાણ તેમનાં પતિને થતાં તે ક્યારેક દેશવટો ભોગવે છે, કાંતો બન્ને પાત્રોને શિક્ષા આપે છે નહિ તો પોતે વૈરાગ્ય ભોગવે છે, બીજી મહત્ત્વની બાબત એ બને છે કે એ પુરુષ એનાં પિતા કે ભાઇના મૃત્યુનુ કારણ બને છે. એ જોતાં આ કથાઘટક કથામાં કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

- **લિંગ પરિવર્તનઃ**

જુદી જુદી કથાઓમાં 'લિંગપરિવર્તન' ઘણુંખરું સરોવર, ઝરણું કે વાવમાં સ્નાન કરવાથી, ચમત્કારિક ઔષધિ, ફળ, મંત્ર, સોટી કે ગુટિકા ખાવાથી, દૈવી શાપ કે આશીર્વાદ આપવાથી થાય છે. 'લિંગપરિવર્તન' મુખ્યત્વે સ્ત્રીમાંથી પુરુષ અને પુરુષમાંથી સ્ત્રીરૂપે થાય છે. 'લિંગપરિવર્તન'નું ચોક્કસ

ધ્યેય હોય છે જેમકે, પોતાની જાતની રક્ષા કરવી કે પોતાની ઓળખ છૂપાવવી. 'લિંગપરિવર્તન'નું કથાઘટક પણ છેક પ્રાચીનકાળથી પ્રાપ્ત થાય છે.

'મહભારત'[૩૯]નાં ઉદ્યોગપર્વમાં શિખંડીનું કથાનક પ્રયોજાયું છે. આ કથાનકમાં પુરુષત્વની વાત વણાયેલી છે. શિવની આરાધનાથી શિવ દ્રુપદને એક બાળકના આશીર્વાદ આપે છે. શિવ દ્રુપદને કહે છે કે આ બાળક સ્ત્રી અને પુરુષ બન્ને જાતિનું હશે. સમય જતાં શિખંડીના લગ્ન એક કન્યા સાથે થાય છે. જ્યારે કન્યાને જાણ થાય છે કે તેનો પુરુષ તો સ્ત્રી છે. ત્યારે તે સઘળી બીના પોતાના પિતાને કહે છે. આ વાત જાણી શિખંડી નાસી છૂટે છે. સ્થૂણાકર્ણ નામનાં યક્ષે શિખંડીની મદદ કરે છે. તે પોતાનું પુરુષત્વ શીખંડીને આપે છે અને શિખંડીનું સ્ત્રીરૂપ પોતે લઇ લે છે. શિખંડી લિંગપરિવર્તન કરીને પોતાનાં સસરા પાસે જાય છે ને સાબિત કરે છે કે પોતે પુરુષ છે. જ્યારે યક્ષના રાજાને ખબર પડે છે કે સ્થૂણાકર્ણે લિંગપરિવર્તન કરાવ્યું છે ત્યારે તે યક્ષને હંમેશા સ્ત્રીરૂપે રહેવાનો શાપ આપે છે અને શિખંડીને હંમેશા માટે પુરુષરૂપે રહેવાનાં આશીર્વાદ આપે છે. આ કથાઘટકમાં લિંગપરિવર્તનનું મુખ્ય કારણ આશીર્વાદ અને શાપ છે. યક્ષના આશીર્વાદને કારણે શિખંડીનું થતું 'લિંગપરિવર્તન' લાભદાયક નીવડે છે. માત્ર નારીને એના પુરુષપ્રાપ્તિની દ્રષ્ટિએ જ નહીં, મહાભારતના યુધ્ધ સંદર્ભમાં આ કથાઘટક કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

'કથાસરિત્સાગર'[૪૦]નાં રત્નપ્રભાલંબકમાં શૃંગભુજ અને રૂપશિખાની કથા આલેખાઇ છે. આ કથાનકમાં રાજકુમાર શૃંગભુજ અને રૂપશિખા એકબીજાને જોઇને પ્રેમમાં પડે છે. રૂપશિખા રાક્ષસની પુત્રી હોય છે. રાક્ષસ શૃંગભુજ અને રૂપશિખાના લગ્ન કરાવે છે. સમયજતાં શૃંગભુજને પોતાની રાજધાની યાદ આવે છે. તે રૂપશિખાને પોતાને ત્યાં આવવાનું કહે છે. રૂપશિખા પતિ સાથે જવા તૈયાર થઇ જાય છે. ત્યારે રૂપશિખા શૃંગભુજને કહે છે કે આ વાત પિતાથી ગુપ્ત રાખીને આપણે અહીંથી જવું પડશે. જો એમને ખબર પડશે તો એ આપણને જવા નહિ દે. ગુપ્ત રીતે બન્ને ત્યાંથી ઘોડે નીકળી પડે છે. આ વાતની જાણ રાક્ષસને થાય છે. જેથી રાક્ષસ બન્નેની પાછળ પડે છે. રાક્ષસ નજદીક આવતા રૂપશિખા શૃંગભુજ અને ઘોડાને અદ્રશ્ય કરી દે છે. પોતે માયા વડે સ્ત્રીમાંથી પુરુષ બની જાય છે અને

---

૩૯ શ્રી મહાભારત, સરળ ગુજરાતી ભાષાંતર, ભાગ-૩, ઉદ્યોગપર્વ, પૃ.૩૮૩
૪૦ કથાસરિત્સાગર, રત્નપ્રભાલંબક, પૃ.૩૩૭

લાકડાં કાપવા લાગે છે. ત્યાં રાક્ષસ આવીને ચઢે છે. તે લાકડાં કાપતા પુરુષને પૂછે છે કે આ માર્ગે જતાં કોઇ સ્ત્રી પુરુષને જોયા છે ? ત્યારે એ રૂપશિખારૂપી પુરુષ રાક્ષસને કહે છે; અગ્નિશીખા નામનો રાક્ષસ આજે મરી ગયો છે તેને બાળવા માટે હું લાકડાં કાપુ છું માટે મેં કોઇને નથી જોયા. આવું સાંભળીને રાક્ષસ વિચારવા લાગ્યો કે જો હું મરી ગયો છું, તો મારે મારે પુત્રીનું શું કામ ? માટે ચાલ, પાછો જઇને મારા પરિવારને એ વિશે પૂછી આવું. આ રીતે રાક્ષસ પાછો વળે છે. આ બાજુ રૂપશિખા અને શૃંગભૂજ પોતાની નગરીમાં પહોંચી જાય છે. અહી લિંગપરિવર્તન માયાબળે થાય છે. આ કથામાં લિંગપરિવર્તનનો ચોક્કસ હેતુ છે. રૂપશિખા પુરુષરૂપે 'લિંગપરિવર્તન' કરે છે. જેથી રાક્ષસ પિતાને જાણ ન થાય કે પોતે ક્યાં છે. પોતાનો પીછો છોડાવવાં નાયિકા લિંગપરિવર્તનનો આધાર લે છે. રાક્ષસપિતા પુત્રીની જાળમાં ફસાઇને ત્યાંથી ચાલ્યો જાય છે. જેથી શૃંગભુજ અને રૂપશિખા સલામતીથી નગરમાં પહોંચે છે. મુખ્યત્વે પોતાની ઓળખ છુપાવવા આ કથાઘટક પ્રયોજાયું છે જે કથામાં ઉપકારક બને છે.

'વેતાલપચીસી'[૪૧] માં ચૌદમી કથામાં 'લિંગપરિવર્તન' નું કથાઘટક આલેખાયું છે. કૌશાંબી નગરીના રાજા સુવિચારને ચંદ્રપ્રભા નામે રાજકુમારી હતી. તે ફૂલ વીણવાં વાડીમાં જાય છે. ત્યાં વામન નામનો એક બ્રાહ્મણ હોય છે. રાજકુમારી અને બ્રાહ્મણની એકબીજા સાથે નજર મળે છે, જેથી બન્ને પ્રેમમાં પડે છે. રાજકુમારી સખીઓ સાથે મહેલમાં જાય છે. જેથી વામનને રાજકુમારીનો વિરહ થાય છે. ત્યારે મૂળદેવ નામનો એક ઠગ વામનને ગોટિકા આપે છે. ગોટિકા વામન મોંમાં રાખે છે, જેથી તે સ્ત્રી બની જાય છે. આ સ્ત્રીને મૂળદેવ રાજા પાસે લઇ જાય છે ને કહે છે કે આ મારી પુત્રવધૂ છે મારો પુત્ર ખોવાઇ ગયો છે, તેને શોધી લાવું ત્યાં સુધી તેને તમારી પાસે રાખો. રાજા વામનરૂપી સ્ત્રીને પોતાની પુત્રીના મહેલમાં રાખે છે. મહેલમાં આવેલી સ્ત્રી મોંમાંથી ગોટિકા કાઢે છે જેથી તે પુરુષ બની જાય છે. રાજકુમારી અને વામન બન્નેનું મિલન થાય છે. આ રીતે આ કથાનકમાં 'લિંગપરિવર્તન'નું કથાઘટક નાયકની ઓળખ છુપાવવાં અને નાયિકાને પુનઃ પ્રાપ્ત કરવા માટે પ્રયોજવામાં આવ્યું છે, જે કથાઘટકની દ્દષ્ટિએ ઘણું મહત્ત્વનું બની રહે છે.

---

૪૧ વેતાલપચીસી, મધ્યકાલીન ગુજરાતી કથાકોશ, પૃ.૩૩૯

## ● અંધકારે ઓળખ ભૂલ :

'અંધકારે ઓળખભૂલ' નું કથાઘટક વિશિષ્ટ અને વૈવિધ્યસભર છે. નાયક-નાયિકા એકબીજાનાં પ્રેમમાં હોય અને સંજોગોવસાત તેઓ નગર છોડીને જવાનું વિચારતા હોય એ સમયે બન્ને રાત્રિમાં મળવાનું નક્કી કરે છે. આ મિલન સ્થાન દેહરામાં કે પછી નગરની બહાર હોય છે. નાયિકા અંધકારમાં નાયકની રાહ જોતી બેઠી હોય છે. એ સમયે અંધકારમાં નાયિકા કોઇ ભળતાની સાથે ઘોડે બેસી જાય છે. સવારે નાયિકા બીજી વ્યક્તિને જૂએ છે ત્યારે તેને પોતાની ભૂલ સમજાય છે. પછીથી નાયિકા એ ભળતી વ્યક્તિથી યુક્તિપૂર્વક છૂટકારો મેળવે છે. એટલું જ નહીં નાયિકાને કથાના અંત સુધી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે, અને કથાન્તે જ નાયક સાથે તેનું સુખદ મિલન થાય છે.

'કામાવતીની કથા'[૪૨] માં આ કથાઘટક પ્રાપ્ત થાય છે. કરણકુંવરથી છૂટી પડેલી કામાવતી જોગીવેશે આવેલા કરણકુંવરને ઓળખી જાય છે. તેને ઓળખી જતા કામાવતી કરણકુંવરની સાથે ભાગી જવાનું વિચારે છે. કામાવતી રાત્રિ દરમિયાન બધી ગોઠવણ કરે છે. ત્યારે રાત્રિના અંધકારમાં કામાવતી ભૂલથી કોઇ ભળતા ચોરની સાથે ઘોડે ચઢી ચાલી નીકળે છે. સવારે કામાવતીને પોતાની ભૂલ સમજાય છે. ચોર કામાવતીને પોતાની સાથે લગ્ન કરવાનું કહે છે. ત્યારે કામાવતી બુદ્ધિચાતુર્યથી ચોરને શહેરમાં લગ્નની સામગ્રી લેવા મોકલે છે ને પોતે ત્યાંથી ભાગી છૂટે છે. આગળ જતાં કામાવતીની પાછળ બે રાજકુમારો પડે છે ને પોતાની સાથે લગ્ન કરવાનું કહે છે. કામાવતી કૂનેહથી કામ લે છે. તે એક તીર ફેંકે છે જે જલદી લઇ આવશે તેની સાથે પોતે લગ્ન કરશે. એવું કહીને તે ત્યાંથી પણ નીકળી પડે છે. 'અંધકારે ઓળખ ભૂલ' નાં કારણે કામાવતી કરણકુંવરની જગ્યાએ અન્ય વ્યક્તિ સાથે ભાગી જાય છે તે પછી તેને અનેક મૂશ્કેલીનો સામનો કરવો પડે છે. એ રીતે આ કથાઘટક કથાનાં વિકાસમાં કાર્યસાધક બને છે.

'હંસાવતી-વિક્રમચરિત્ર-વિવાહ'[૪૩]માં આ કથાઘટક પ્રયોજાયું છે. હંસાવતી અને વિક્રમચરિત્ર પરસ્પર પ્રેમમાં છે. હંસાના લગ્ન અન્ય પુરુષ ભીમરાય સાથે ગોઠવાય છે. જેથી બન્ને ભાગી જવાની યોજના બનાવે છે. બન્ને સાંજનો સમય અને સંકેત નક્કી કરે છે. સાંજ થતાં ભીમકરાયની જાન આવી

૪૨ કામાવતીની કથા, સં.હસુ યાજ્ઞિક, પૃ.૧૪૮
૪૩ હંસાવતી-વિક્રમચરિત્ર-વિવાહ, સં.શ્રીયુત શંકરપ્રસાદ છગનલાલ રાવલ, પૃ.૪૨

પહોંચે છે. એ સમયે વિક્રમચરિત્ર ઘોડો લઈને હંસાના મહેલ પાસે આવે છે. પરંતુ હંસાને આવતા વાર થાય છે. જેથી વિક્રમચરિત્ર એક રક્ષકને ઘોડો આપીને પોતે હંસાના મહેલ તરફ પ્રયાણ કરે છે. હંસા મહેલના બીજા રસ્તેથી આવે છે. અંધકારમાં તે ઘોડેસવારને વિક્રમચરિત્ર સમજીને તેની સાથે ભાગી છૂટે છે. સવારે હંસાવતીને પોતાની ભૂલ સમજાય છે. તે રક્ષકને લગ્નની ચીજવસ્તુઓ ખરીદવા મોકલે છે ને પોતે ત્યાંથી છટકી જાય છે. આ કથાનકમાં પણ રાત્રિનાં 'અંધકારે ઓળખ ભૂલ' થતાં નાયિકા મૂશ્કેલીમાં મૂકાય છે.

'વિદ્યાવિલાસિની વાર્તા'[૪૪]માં રાજકુમારી વિદ્યાવિલાસિની, પ્રધાનપુત્ર ચંદ્રબુદ્ધ અને મૂર્ખચટ સાથે વિદ્યા-અભ્યાસ કરતાં. મૂર્ખચટ નામ પ્રમાણે મૂર્ખ હતો. વિદ્યાવિલાસિની ચંદ્રબુદ્ધને પ્રેમ કરતી. તેણે ચંદ્રબુદ્ધને પોતાની સાથે લગ્ન કરવાનું કહ્યું. ચંદ્રબુદ્ધે અસ્વીકાર કર્યો. ત્યારે વિદ્યાવિલાસિનીએ તેને મારી નાખવાની ધમકી આપી. જેથી ચંદ્રબુદ્ધે લગ્ન કરવાની હા પાડીને સંકેત પ્રમાણે મળવાનું નક્કી કર્યું. હવે ચંદ્રબુદ્ધ પોતાના બદલે મૂર્ખચટને લગ્નનાં વસ્ત્ર પહેરાવીને રાત્રિએ સંકેતસ્થાન દહેરે મોકલે છે. અંધકારમાં વિદ્યાવિલાસિની મૂર્ખચટ સાથે લગ્ન કરી પતિ સાથે ઘોડે ચઢી બેસે છે. સવાર થતાં તેને પોતાની ભૂલ સમજાય છે. આ કથાનકમાં નાયિકા કોઈ યુક્તિ કરીને મૂર્ખચટને છેતરતી નથી. પરંતુ તેની સાથે રહે છે ને આગળ જતાં તેને પ્રેમ પણ કરવા લાગે છે. એ દ્રષ્ટિએ આ કથાઘટક કથામાં મહત્ત્વનું બને છે.

'અંધકારે ઓળખ ભૂલ' નું કથાઘટક કથાનાં વિકાસમાં મદદરૂપ થાય છે. સામાન્યપણે જે કથાઘટકમાં દિવ્ય, ચમત્કારનું તત્ત્વ હોય એવું જ કથાઘટક કથાનો વિકાસ સાધે એવું હોતુ નથી. પરંતુ જેમાં કોઈ દૈવી તત્ત્વ કે ચમત્કારિકતત્ત્વ નથી એવાં સાધારણ કથાઘટકો પણ કથાને ઉપકારક બનતાં હોય છે. 'અંધકારે ઓળખ ભૂલ' નું કથાઘટક આ દ્રષ્ટિએ સામાન્ય હોવા છતા અસામાન્ય કથાવિકાસ માટે ઘણું વિશિષ્ટ બની રહે છે.

આમ,કથાઘટકના અભ્યાસની એક સ્વતંત્ર પ્રણાલિ છે. આ અભ્યાસ પ્રણાલિ દ્વારા દુનિયાના કોઈપણ ખૂણાની લોકકથાનો સામ્યમૂલક અભ્યાસ કરી શકાય છે. આ સામ્યમૂલક અભ્યાસ દ્વારા જે તે

૪૪ વિદ્યાવિલાસિની વાર્તા, બૃહત્ કાવ્યદોહન : કથામૂલક : ભાગ : ૩, ખંડ : ૨, પુનઃ સંપાદન, બળવંત જાની, પૃ.૧૭૨૧.

કથાનું બીજ અને કથાનાં ઘટકતત્ત્વનું પગેરું પામી શકાય છે. વળી જે તે કથાનાં કથાઘટકોના વિકાસને પામી તેનો પૃથ્થકરણાત્મક અભ્યાસ પણ શક્ય બને છે. એ દૃષ્ટિએ કથાઘટકના અભ્યાસનું સમગ્રતંત્ર અત્યંત  રસપ્રદ અને વૈવિધ્યસભર બની રહે છે. આ અભ્યાસ પરથી એટલું જરૂર કહી શકાય કે ગુજરાતી કથાસાહિત્યમાં કથાઘટકોનો જે અભ્યાસ થયો છે તે મોટાભાગે મધ્યકાલીન કથાસાહિત્ય સંદર્ભે અને લોકકથાસાહિત્ય સંદર્ભે છે.

## સંદર્ભ પુસ્તકો :

## ગુજરાતી પુસ્તકો :

અનુઆધુનિક સંજ્ઞાકોશ, સં. જયંત ગાડીત, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૯૯

અનુસંધાન, હરિવલ્લભ ભાયાણી, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૭૨

આદિવાસી લોકાખ્યાન, સં. ભગવાનદાસ પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ, ચન્દ્રકાન્ત ટોપીવાળા અને અન્ય, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૬

ઓગણીસમી સદીનું સંપાદિત ગ્રંથસ્થ ગુજરાતી લોકસાહિત્ય, પ્રિયકાન્ત પરીખ, પુનર્મુદ્રણ : ૧૯૯૬

કથાસરિત્સાગર, ભાગ ૧લો,શાસ્ત્રી શ્યામજી વિ.વાલજી અને ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, ગુજરાતી પ્રિન્ટીગ પ્રેસ, મુંબઇ, ૧૯૦૯

કામાવતી, સં.  હસુ યાજ્ઞિક, પાર્શ્વપબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૩

કામાવતીની કથાનો વિકાસ અને કવિ શિવદાસકૃત કામાવતીની વાર્તા, ડૉ.પ્રવિણ અ. શાહ, પ્ર.પોતે, ૧૯૭૬

ગુજરાતી વિવેચનનો અનુબંધ, ગ્રન્થ : ૨, સં.ચન્દ્રકાન્ત ટોપીવાળા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૧૧

ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ : ૨ ખંડ : ૨, સં. રમણ સોની, ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ, બીજી શોધિત-વર્ધિત આવુત્તિ, પુનર્મુદ્રણ : ૨૦૦૬

ગુજરાતી સાહિત્યકોશ, સં. ચન્દ્રકાન્ત ટોપીવાળા, રમેશ ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૯૬

ચંદ્ર-ચંદ્રાવતી વારતા, સં. હીરા રામનારાયણ પાઠક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૮

નવભારત સાર્થ ગુજરાતી શબ્દકોશ, સં. ડૉ. મફતલાલ અં. ભાવસાર, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૭

નંદબત્રીસી, સં.હસુ યાજ્ઞિક, પાર્શ્વ પબ્કિકેશન, અમદાવાદ, બી.આ. ૨૦૦૮

પંચદંડની વાર્તા, સં. સોમાભાઇ પારેખ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૭૪

પ્રાચીન-મધ્યકાલીન કૃષ્ણકાવ્ય અને નરસિંહ-સ્વાધ્યાય,હરિવલ્લભ ભાયાણી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૬

બૃહત્ કાવ્યદોહન, કથામૂલક : ભાગ-૩, ખંડ-૧,૨, પુનઃ સં.બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૯

મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ એક અભ્યાસ, હસુ યાજ્ઞિક, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૧૨

મધ્યકાલીન નંદબત્રીસી પરંપરા અને શામળ, ડૉ. કૌશી મ. ચાવડા,પાર્શ્વ પબ્કિકેશન, અમદાવાદ, ૨૦૦૯

મહાભારતની લોકપરંપરાનાં કથાનકો, રાજેશ પંડયા, પ્ર.પોતે, ૨૦૦૭

મોટિફનો અભ્યાસ અને કેટલીક પસંદ કરેલી ગુજરાતી લોકકથાઓમાં તેની તપાસ, સરૂપ ધ્રુવ

મોટિફ : આઇરીશ અને ભારતીય લોકકથા સંદર્ભે, પિનાકિની પંડયા, પાર્શ્વ પબ્કિકેશન, અમદાવાદ, ૨૦૦૬

મોટિફ : મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય સંદર્ભે, પિનાકિની પંડયા, પાર્શ્વ પબ્કિકેશન, અમદાવાદ, ૨૦૦૬

યુરોપખંડની લોકકથાઓ, શિવમ્ સુંદરમ્, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ,પુનઃ મુદ્રણ : ૧૯૮૪

રાસ-સાહિત્ય, ભારતી વૈધ, વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રા.લિ. મુંબઇ

રૂપસુંદર-કથા, સં. હસુ યાજ્ઞિક, પાર્શ્વપ્રકાશન-અમદાવાદ,ત્રી.આ. ૨૦૧૦

લોકકથાના મૂળ અને કુળ, હરિવલ્લભ ભાયાણી, પાર્શ્વપ્રકાશન, અમદાવાદ, ૧૯૯૦

લોકવાર્તા (ઉદ્ભવ, પ્રકાર અને વિકાસ), પુષ્કર ચંદરવાકર,ગુજરાત રાજય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ, ૧૯૭૯

લોકવાઙમય, કનુભાઇ જાની,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧૯૯૨૧

લોકવાઙમય : સ્વરૂપ સંદર્ભ, ડૉ. રાજેશ મકવાણા, સાહિત્યધારા, રાજકોટ, ૨૦૦૭

લોકવાર્તા સ્વરૂપ વિમર્શ, ડૉ. પ્રાંજલી પટેલ,પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૦૯

લોકસાહિત્ય ધરતીનું ધાવણ, ઝવેરચંદ મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પુનર્મુદ્રણ, ૨૦૧૧

લોકસાહિત્ય-વિજ્ઞાન, હસુ યાજ્ઞિક, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૧૨

લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૧૨

લોકસાહિત્ય સંશોધન પદ્ધતિ, હસુ યાજ્ઞિક, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૧૪

સાહિત્યનિકષ, અનંતરાય રાવળ, ભારતીય સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ, અમદાવાદ, ૧૯૫૮

શૃંગારમંજરી, હસુ યાજ્ઞિક, પાર્શ્વપબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૦

શ્રી મહાભારત, ઉદ્યોગપર્વ ભાગ-૩, સરળ ગુજરાતી ભાષાંતર, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, મુંબઇ, સંવત ૨૦૧૪

હંસાવતીવિક્રમચરિત્રવિવાહ, સં.શ્રીયુત શંકરપ્રસાદ છગનલાલ રાવલ, ફાર્બસ ગુજરાતી સભા મુંબઇ, ૧૯૩૫

**હિન્દી પુસ્તકો :**

ब्रज की लोक–कहानियों का विवेचनात्मक अध्ययन, डॉ. पुनीत मक्कड़, केदारनाथ ॲंड संस, २०१०

लोक साहित्य विज्ञान, डॉ. सत्येन्द्र, राजस्थानी ग्रन्थगार, जोधपुर, द्वितीय संशोधित संस्करण २००६

हिन्दी साहित्य का आदिकाल, आचार्य हजारीपरसाद द्विवेदी, बिहार राष्ट्रभाषा परिषद, पटना,द्वि.सं. १९५७

आदिकाल हिन्दी – साहित्य, शम्भूनाथ पाण्डेय, विश्वविधालय प्रकाशन, वाराणसी, १९७०

**અંગ્રેજી પુસ્તકો :**

A Glossary of Literary Terms, Ed. M. H. Abrams, F. Ed., Holt, Rinehart and Winston Holt-saunders-Japan, 1981

Galas MODEL DICTIONARY, Ed. L. R. Gala, Navneet Publication Limited, Navneet Publicatin (India) Ltd

The Folktale, Stith Thompsan, The Dryden Press-New York, Second Printing : January : 1951

The Type of the Folktale, classification and bibliography Antti Aarnes, by. Stith Thompsan, Indian University, Second Revision, 1961